Wednesday 14, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

ગુજરાત ક્રિકેટ એસોસિએશન અને બીડીસીએ દ્વારા આયોજિત ટ્રોફી માટેની ગુજરાતની ટીમ જાહેર

## જિલ્લાના ૪ ખેલાડીઓની 'સી.કે. નાયડુ ટ્રોફી' માટે પસંદગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** બીસીસીઆઈ ( બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા) દ્વારા આયોજિત અંડર- ૨૩ વયજૂથના પુરૂષ ક્રિકેટરો માટે કર્નલ સી.કે.નાયડુ ટ્રોફી રમાડવામાં આવે છે જેમાં વિવિધ રાજ્યનો ટીમ ભાગ લેતી હોય છે.

જે માટે ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા અંડર -૨૩ મેન્સ બીસીસીઆઈ કર્નલ સી.કે. નાયડુ ટ્રોફી ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭ માટે ટીમ જાહેર કરવામાં આવી છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર,



દિવ્ય આહિર



હેનિલ પટેલ



ભવ્ય ચૌહાણ



દ્રોણ દેસાઈ

નડિયાદ, સુરત અને વલસાડ જિલ્લામાંથી કુલ ૧૬ ક્રિકેટરોની પસંદગી કરવામાં આવી છે. આ ૧૬ પૈકી વલસાડ જિલ્લામાંથી બીડીસીએના નેજા હેઠળ ચાર ખેલાડીની પસંદગી થઈ છે. જેમાં (૧) હેનિલ પટેલ, ભવ્ય ચૌહાણ, દ્રોણ દેસાઈ અને દિવ્ય આહિરનો સમાવેશ થાય છે. જે બદલ વલસાડ જિલ્લાના ક્રિકેટ પ્રેમીઓમાં ખુશીની લહેર પ્રસરી છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા ગુજરાતની ટીમ આ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરે, સફળતા મેળવે અને ગુજરાતનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી છે. ગુજરાતની ટીમમાં પસંદગી બદલ બલસાર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના માનદ મંત્રી જનક દેસાઈએ જિલ્લાના ચારેય ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કરી શુભેચ્છા પાઠવી હતી. વલસાડના ઉપરોક્ત ચાર ખેલાડીમાંથી હેનિલ પટેલ ગત વર્ષે ભારતીય અંડર ૧૯ ટીમમાં પસંદગી પામ્યા હતા તથા વર્લ્ડ કપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું અને ભારતીય ટીમને વર્લ્ડ કપ ચેમ્પિયન બનાવવામાં તેમનો સિંહ ફાળો રહ્યો હતો.

## ખડકલામાં રામલીલાનું આકર્ષણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપીના ખડકલા વિસ્તારમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ નવરાત્રિ પર્વ નિમિત્તે રામલીલાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામલીલા દરમિયાન રામાયણના વિવિધ પ્રસંગોનું જીવંત મંચન કરવામાં આવી રહ્યું છે, જેને નિહાળવા દરરોજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી રહ્યા છે. રામલીલાના મંચન દરમિયાન ભગવાન શ્રીરામના જન્મથી લઈને શ્રીરામ અને સીતાજીનાં જીવન સાથે જોડાયેલા વિવિધ પ્રસંગો રજૂ કરવામાં આવી રહ્યા છે. જેમાં રામજન્મ, સીતાજી સાથેના પ્રસંગો, વનવાસ અને સીતાજીના અપહરણ સહિતના દશ્યોનો સમાવેશ થાય છે. રામાયણનાં પાત્રો દ્વારા કરવામાં આવતા આ મંચથી ઉપસ્થિત દર્શકોને ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાનો પરિચય મળી રહ્યો છે.

ખડકલા વિસ્તારમાં ઉત્તર ભારતીયો સહિત વિવિધ રાજ્યોમાંથી આવીને વસેલા લોકોની મોટી વસ્તી હોવાથી રામલીલાનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે.

ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો માટે રામલીલા ધાર્મિક આસ્થા સાથે સંકળાયેલી એક મહત્ત્વપૂર્ણ પરંપરા છે. નવરાત્રિ દરમિયાન યોજાતી આ રામલીલા થકી લોકો પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડાયેલા રહે છે.

વાપીમાં ભુલાતી જતી આ રામલીલાના આયોજનને પગલે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. દરરોજ મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે ઉપસ્થિત રહી રામાયણના વિવિધ પ્રસંગોનું મંચન નિહાળીને આનંદ માણી રહ્યા છે.



## ટીંભીમાં આકારણી મુદ્દે વિવાદ

### સરપંચ-ઉપસરપંચની જાણ બહાર ઠરાવ વિના આકારણી કર્યાનો આક્ષેપ : રદ કરવા ખાસ સામાન્ય સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** ઉમરગામ તાલુકાની ટીંભી ગ્રામ પંચાયતમાં સરપંચ અને ઉપસરપંચની જાણ બહાર સામાન્ય સભામાં ઠરાવ કર્યા વિના આકારણી કરી દેવામાં આવી હોવાના આક્ષેપને પગલે વિવાદ સર્જાયો છે. આ મામલે ગેરરીતિના આક્ષેપ સાથે કરવામાં આવેલી આકારણી રદ કરવા માટે આવતીકાલે મંગળવારે ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું આકારણી રદ કરતો ઠરાવ પસાર કરી જિલ્લા વિકાસ અધિકારીને મોકલવા તેમજ નિયમવિરુદ્ધ થયેલી કામગીરી અંગે જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. ઉપરોક્ત બાબતે

નિર્ધારિત કાર્યક્રમ મુજબ ગ્રામ પંચાયત કચેરી ટેમ્ભી ખાતે ખાસ સામાન્ય સભાનો આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સરપંચ ઉપસરપંચ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને નિયમ વિરુદ્ધ જઈને કરવામાં આવેલ આકારણી રદ કરવા ૫, ૯ ,૨૬ ના રોજ થયેલ ઠરાવ નંબર ૦૩/૦૧ ને રદ કરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું હતું.

## વાપી ટાઉનમાં બે દિવસથી વીજ ધાંધિયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી ટાઉન વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વીજળીની અવ્યવસ્થાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દિવસમાં અનેક વખત કલાકો સુધી લાઈટ ગુલ થઈ જતા અને વોલ્ટેજની સમસ્યાથી વેપારીઓને આર્થિક નુકશાન ભોગવવું પડી રહ્યું છે તો સામાન્ય રહેવાસીઓ પણ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ ટાઉન વિસ્તારમાં દિવસ દરમિયાન ૪ થી ૫ વખત વીજળી ડૂલ થઈ જાય છે. જેને કારણે દુકાનોમાં કામકાજ ઠપ્પ થઈ જાય છે. ઉનાળા જેવી ગરમીમાં એસી, પંખા બંધ થઈ જતા ગ્રાહકો પણ દુકાનોમાં આવવાનું ટાળી રહ્યા છે. નાના વેપારીઓના ફ્રિજમાં રાખેલ સામાન પણ બગડી રહ્યો છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં પણ હજુ સુધી પૂરતા જનરેટરની વ્યવસ્થા નથી. વીજળી જતાની સાથે જ જન્મ-મરણ વિભાગ, ટેક્સ વિભાગ સહિતના તમામ વિભાગોના કોમ્પ્યુટરો ઠપ્પ થઈ જાય છે. જેને કારણે રોજના સેંકડો અરજદારો કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબુર બને છે. જન્મના દાખલા, ટેક્સ ભરવા આવતા નાગરિકોને ધરમના ધક્કા ખાવા પડે છે. સ્થાનિકોની માંગ છે કે DGVCL દ્વારા આ વીજ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે અને મહાનગરપાલિકા કચેરીમાં કાયમી જનરેટરની વ્યવસ્થા કરવામાં આવે જેથી નાગરિકોને હાલાકી ન પડે.

ચૂંટણી કમિશ્નરના રાજીનામાની માંગ સાથે

## ડાંગમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૩ :** ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના વઘઈ ખાતે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વઘઈ તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.

ડાંગ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય તેમજ હાલ ડાંગ જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા મંગળભાઈ ગાવિત અને વઘઈ તાલુકા કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ બળવંતભાઈ દેશમુખની આગેવાનીમાં હજારોની સંખ્યામાં લોકો રેલીમાં જોડાયા હતા.

વિશાળ જનમેદની સાથે નીકળેલી આ રેલીમાં ચૂંટણી પંચની કામગીરી સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સીઈસી જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી બુલંદ કરવામાં આવી હતી.

મંગળભાઈ ગાવિત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરે અને બળવંતભાઈ દેશમુખની આગેવાનીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના અગ્રણી કાર્યકરો અને સમર્થકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ રેલીથી ડાંગના રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો છે.




## ભરતી કરવાની છે

**વાપી - છરવાડા ખાતે આવેલ ભારતી બા વિલા રીસોર્ટ માટે નીચે મુજબની ભરતી કરવાની છે.**

(૧) ડ્રાઈવર - ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી
(૨) મેઈન્ટેનન્સ ફીટર - સુપરવાઈઝર
(૩) લાઇઝનીંગ વર્ક કરે એવો માણસ જોઈએ છે
(૪) સારા શસક્ત વોચમેનોની ભરતી છે

Contact - 9879463248/8140977999







## શ્રી સિકોતર માતા મંદિરે ભક્તો માની ભક્તિમાં લીન

## કોથામાં ડીજે વિના દેશી ઢોલના તાલે નવરાત્રી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** કોથા-માછિયાવાસણ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ શ્રી સિકોતર માતાજી મંદિર પરિસરમાં નવરાત્રી પર્વ નિમિત્તે અનોખી ભક્તિમય અને પરંપરાગત આભા જોવા મળી રહી છે. આજના આધુનિક યુગમાં ડીજે જેવા ઘોંઘાટિયા ઉપકરણોના ઉપયોગ વિના પણ અહીં દેશી ઢોલના ધબકારે અને સુરીલા લોકકલાકારોના કંઠે ગવાતા ગરબા ખેલૈયાઓ અને ભક્તોના મન મોહી રહ્યા છે.

'હે માજી તારા મંદીરિયામાં' 'ઝીણા ઝીણા વાગે ઝાંઝરિયા' જેવા લોકપ્રિય અને ભાવવાહી ગરબાઓના સુમધુર સૂર વચ્ચે માઈભક્તો મોડી રાત સુધી રાસ-ગરબાની રમઝટ બોલાવી માઁ સિકોતરની આરાધનામાં લીન બની રહ્યા છે, જેનાથી સમગ્ર વાતાવરણ પાવન અને ઉત્સાહસભર બની ગયું છે.










### નવસારી જિલ્લામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડો.અબ્દુલ કલામની જન્મજયંતિ નિમિત્તે રાજ્યની સરકારી તેમજ EMRS શાળાઓમાં સૌપ્રથમ ઈસરોના સહયોગથી અનોખી સ્પેસ એન્ડ ઈનોવેશન લેબ આવશે

# બારતાડમાં વિક્રમ સારાભાઈ સ્પેસ એન્ડ ઇનોવેશન લેબનું ઉદ્દઘાટન થશે










(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૩ :** આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની પ્રાયોજના વહીવટદાર હેઠળ કાર્યરત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS), બારતાડ ખાતે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) સાથે સંકળાયેલી વિક્રમ સારાભાઈ સ્પેસ એન્ડ ઈનોવેશન લેબ તૈયાર કરવામાં આવી છે, આ લેબનું આગામી તા.૧૫મી ઓકટોમ્બરે ભારતના મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની જન્મજયંતિ નિમિત્તે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે સવારે ૧૦:૦૦ કલાકે વાંસદાના બારતાડ ખાતે ખુલ્લી મૂકવામાં આવશે.

સમગ્ર રાજયની તમામ સરકારી શાળાઓ તેમજ EMRS શાળાઓમાં આ પ્રકારની પ્રથમ અનોખી સ્પેસ લેબ બનાવાઈ છે, જે આદિજાતિ વિકાસ વિભાગ અને રાજયના શિક્ષણ ક્ષેત્રો પ્રશંસનીય સિદ્ધિ છે.

વનબંધુ વિસ્તારોના શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ-બાળકોમાં વિજ્ઞાન, તકનીકી અને અવકાશ સંશોધન પ્રત્યે રુચિ વધે અને તેમને વૈશ્વિક સ્તરની સુવિધાઓ પ્રાપ્ત થાય તે દિશામાં રાજ્ય સરકારનું આ મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ સમારોહમાં આદિજાતિ વિકાસ વિભાગના સચિવ આલોક કુમાર પાંડે, નિયામક રચિત રાજ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર-અમદાવાદના નિયામક ડૉ. સી. વી. એન. રાવ તથા પૂર્વ નિયામક ડૉ. એન. એમ. દેસાઈ, સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવો હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

## ગણદેવી સુગરમાં નવરાત્રિ પર્વે બોઈલર પ્રજ્વલન : નવ લાખ ટન શેરડી પીલાણનો લક્ષ્યાંક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૩ :** ગણદેવી સુગર ફેક્ટરીમાં નવરાત્રિ પર્વે સોમવારે સવારે યજ્ઞ પૂજા બાદ બોઈલર પ્રજ્વલન નો વિધિવત રીતે પ્રારંભ કરાયો હતો. ઉઘડતી નવી સિઝનમાં અંદાજીત ૯ લાખ ટન શેરડી પીલાણ નો લક્ષ્યાંક પાર પાડવા આખરી ઓપ અપાયો છે.

ગણદેવી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ સંચાલિત સુગર ફેક્ટરીમાં નવરાત્રિ પર્વે સોમવાર સવારે વિધિવત પૂજા અર્ચના કરાઈ હતી. વર્ક્સ મેનેજર ગજેન્દ્રસિંહ રાજપૂત દંપતિ એ પૂજા કરી હતી. ગણદેવી સુગરના પ્રમુખ અમિતભાઈ પટેલ, ઉપપ્રમુખ અલ્પેશ દેસાઈ, રાજાભાઈ પટેલ, સમીર પટેલ, રણજીત પટેલ, ગોપાળ ગોહિલ, અરુણ પટેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓ એસ મુકેશ પટેલ, કર્મચારીગણ સહિત અગ્રણીઓ ની ઉપસ્થિતિ માં પવિત્ર યજ્ઞ અગ્નિ થી તમામ પાંચ બોઈલર પ્રજ્વલિત કરાયા હતા. તે અગાઉ મશીનરીને દુરસ્ત કરાઈ હતી. નવી ઉઘડતી સિઝન માટે ની તૈયારી પૂર્ણ થઈ હતી. મહારાષ્ટ્ર, આહવા, ડાંગ સહિત અંતરિયાળ ગામો થી શ્રમજીવી મજૂરો, બળદગાડા આવી રહ્યાં છે. તમામ પ્રકારની તૈયારી ને આખરી ઓપ આપવા માં આવ્યો છે. સુગર ફેડરેશન સાથે વાટા ઘાટ સાથે ટૂંક સમય માં શેરડી કટિંગ ની કામગીરી હાથ ધરાશે. ઉઘડતી સિઝન માં ખેડૂતો એ અંદાજીત ૩૦ હજાર એકર વિસ્તારમાં લામ સહિત નવું વાવેતર કર્યું હતું. જે પાક લણણી માટે તૈયાર છે. જે સાથે નવી પિલાણ સીઝનમાં રોજિંદા ૬ હજાર ટન સાથે સિઝન માં ૯ લાખ ટન શેરડી પીલાણનો લક્ષ્યાંક પાર પાડવામાં આવશે. ગણદેવી સુગર દક્ષિણ ગુજરાત માટે જીવાદોરી સમાન છે. સેંકડો શ્રમજીવીઓ રોજી-રોટી પ્રાપ્ત કરે છે. ત્યારે નવી સિઝનને પાર પાડવા આગોતરા આયોજનોને અંતિમ ઓપ અપાયો છે.

## ખેરગામ પાટી મા. શાળાની વિદ્યાર્થીનીઓ જીલ્લા રસ્સા ખેચ સ્પર્ધામાં વિજેતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૧૩ :** વર્ષ ૨૦૨૬/૨૭ ખેલમહાકુંભમાં જિલ્લા કક્ષાની રસ્સાખેંચની બહેનોની રમતનું આયોજન ગીતા મંદિર માધ્યમિક શાળામાં ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ થયું જેમાં નવસારી ગ્રામ્ય વિસ્તારની તમામ તાલુકાની ટીમોએ વિવિધ વય ગ્રુપમાં ભાગ લીધો, જેમાં અંડર - ૧૭ બહેનોમાં ગીતા મંદિર માધ્યમિક શાળા પાટીની બહેનોની ટીમ ફાઈનલ વિજેતા બની શાળા તથા સમગ્ર ખેરગામ તાલુકાનુ નામ જીલ્લામાં રોશન કર્યું. જે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે જેમની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય રાકેશકુમાર પટેલ, શાળા પરિવાર તથા સંચાલક મંડળના પ્રમુખ વાલજીભાઈ સોલંકી એ અભિનંદન પાઠવી ઝોન કક્ષામાં પણ અગ્રેસર બની નવસારી જિલ્લાનું નામ રોશન કરે તેવા અભિનંદન શુભેચ્છા પાઠવ્યા હતા.

## નાની વઘઈમાં અંબિકા નદીના કિનારે તડકેશ્વર હનુમાનજી ધામ ખાતે સર્વ પિતૃ શ્રાદ્ધ વિધિ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૩ :** પ્રાપ્ત વિગતો અનુસાર હિન્દુ ધર્મમાં પિતૃઓના સ્મરણ અને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું વિશેષ મહત્ત્વ રહેલું છે. પિતૃઓની આત્માની શાંતિ અને સદ્ગતિની કામના સાથે શ્રાદ્ધ અને તર્પણ કરવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે. આ જ ધાર્મિક પરંપરાને અનુસરી ડાંગ જિલ્લાનાં નાની વઘઈ ખાતે અંબિકા નદીના પવિત્ર કિનારે આવેલા તડકેશ્વર હનુમાનજી ધામમાં સર્વ પિતૃ શ્રાદ્ધ વિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી પોતાના પિતૃઓના આત્માની શાંતિ અને સદ્ગતિ માટે શ્રદ્ધાપૂર્વક તર્પણ તથા શ્રાદ્ધ વિધિમાં ભાગ લીધો હતો. વઘઈના મહારાજ મુકેશભાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ધાર્મિક વિધિમાં પિતૃઓ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને સનાતન સંસ્કૃતિની પરંપરાના સુંદર દર્શન થયા હતા. અંબિકા નદીના કિનારે શ્રદ્ધાળુઓએ પરંપરાગત વિધિ-વિધાન મુજબ પોતાના પિતૃઓનું સ્મરણ કરી તર્પણ અર્પણ કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. સર્વ પિતૃ શ્રાદ્ધ વિધિ દ્વારા પિતૃઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની અને સનાતન ધર્મની પરંપરાઓને જાળવી રાખવાની ભાવના ઉજાગર થઈ હતી.

## ચીખલી તાલુકા સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૧ ઓક્ટોબરે યોજાશે

**નવસારી, તા.૧૩ :** લોકાભિમુખ વહીવટના ભાગરૂપે લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત નિકાલ થાય તે હેતુથી ચીખલી મામલતદાર કચેરી ખાતે તા.૨૧/૧૦/૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. જાહેર જનતાએ પોતાની ફરિયાદ અરજી જરૂરી પુરાવા અને મોબાઈલ નંબર સહિત તા.૧૦/૧૦/૨૦૨૬ સુધીમાં તાલુકા સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમ ઓક્ટોબર-૨૦૨૬ તથા મથાળે ક્તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખી મામલતદાર, ચીખલીને ટપાલથી અથવા રૂબરૂ રજૂ કરવાની રહેશે.

જેમાં અરજદારનું પૂરું નામ, સરનામું, ફોન નંબર અને સહી હોવી જરૂરી છે. ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તથા જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવાની રહેશે. એકથી વધુ વિષયની ફરિયાદો અલગ-અલગ અરજીમાં રજૂ કરવાની રહેશે.

સરકારી કર્મચારીઓની નોકરી, પેન્શન, રહેમરાહે નોકરી, કોર્ટ મેટર, અંગત રાગદ્વેષ, આંતરિક તકરાર, વ્યક્તિગત આક્ષેપો તેમજ અન્ય વ્યક્તિના પ્રશ્નો સ્વીકારવામાં આવશે નહીં. સમયમર્યાદા બાદ મળેલી, અસ્પષ્ટ, નામ-સરનામા વગરની અથવા કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલી ફરિયાદો પર કાર્યવાહી કરવામાં આવશે નહીં. જેની અરજદારોએ ખાસ નોંધ લેવા અખબારી યાદીમા જણાવાયું છે.

## આહવા સરકારી કોલેજ ખાતે જ્ઞાનધારા દ્વારા ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



**આહવા, તા.૧૩ :** સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, આહવા,ડાંગ ખાતે જ્ઞાનધારા દ્વારા તારીખ ૧૨/૧૦/૨૦૨૬ ના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાનધારા સમિતિના અધ્યક્ષ ડૉ. મુકેશ પી. ઠાકરડાએ ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમથી ૧. નશા મુકત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન. ૨. વિકસિત ભારત ૨૦૪૭ આત્મનિર્ભર ભારત ૩. સંસ્કૃતિ અને સંસ્કાર રાષ્ટ્રના અસ્તિત્વના આધાર ૪. કડવા ફળ છે ક્રોધના ૫. ભારતીય નાગરિક તરીકેની ફરજો કલમ ૫૧ (A) જેવા વિષયો આપવામાં આવેલ હતા. ક્લાસ કક્ષાની સ્પર્ધા બાદ કૉલેજ કક્ષીની સ્પર્ધા માટે આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ કૉલેજ કક્ષાની આ સ્પધામાં સહભાગી થયા હતા.

સ્પર્ધાના નિયમોની માહિતી ડૉ. મુકેશભાઈ પી. ઠાકરડાએ આપી હતી. હિન્દી વિભાગના પ્રાધ્યાપક યુગેશ દ્વિવેદી જે કાર્યક્રમના અધ્યક્ષ તેમજ અતિથિ વિશેષ તરીકે અર્થશાસ્ત્રના ડૉ. ઉમેશભાઈ હડસ ઉપસ્થિત રહ્યાં હતા. નિર્ણાયક તરીકે પ્રા. સોનલબેન ભાંભરે, પ્રા. નીતાબેન કામડી, પ્રા. વિરાલીબેન પવાર, પ્રા. સંજનાબેન ગાયકવાડ તેમજ ઉર્જિતાબેન વાઘેલા હતાં.

નિર્ણાયકોએ આર્ટસ વિભાગ માંથી પ્રથમ ક્રમાંક પુરોહિત આરતેન એન. (એમ.એ. સમાજશાસ્ત્ર) દ્વિતીય ક્રમાંક ગવળી અનિલભાઈ એસ. (એમ.એ. સમાજશાસ્ત્ર) તૃતીય ક્રમાંક ત્રિવેદી રાસ્તીબેન સી.(તૃતીયવર્ષ ગુજરાતી)ને આપ્યો હતો. તેમજ કોમર્સ વિભાગ માંથી પ્રથમ ક્રમાંક દેવરે જયશ્રીબેન પ્રફુલભાઈ. (તૃતીયવર્ષ કોમર્સ) દ્વિતીય ક્રમાંક કુશવાહ અંજલીબેન જી. (તૃતીયવર્ષ કોમર્સ) તૃતીય ક્રમાંક માછી ક્રિષ્નાબેન અનિલભાઈ. (તૃતીયવર્ષ કોમર્સ)ને આપ્યો હતો. આ વ્યવસ્થામાં પ્રા.પ્રદીપભાઈ ઝાંઝરે, પ્રા. અનિલભાઈ દળવી, પ્રા. ગણેશભાઈ બંગાળ ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ આભારવિધિ ડો. વિરલકુમાર એચ. કેદારીયાએ કરી હતી.

## સાપુતારા અને ગ્રામ્ય વિસ્તારોમાં DGVCLની ઘોર બેદરકારી

**સાપુતારા, તા.૧૩ :** ડાંગ જિલ્લાના પ્રસિદ્ધ પ્રવાસન ધામ સાપુતારા તેમજ તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) એટલે કે જી.ઈ.બી.ની અણઘડ અને લાલીયાવાડી જેવી કામગીરીને કારણે સ્થાનિક રહીશો અને ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારમાં રોજેરોજ સાંજના અને રાત્રિના સમયે કોઈ પણ જાતની પૂર્વ જાણ વગર અચાનક વીજળી ગુલ થઈ જવાની સમસ્યા રોજીંદી બની ગઈ છે, જેના કારણે ચોમાસા કે ગરમીની ઋતુમાં અંધારપટ છવાઈ જતાં લોકો ભારે હેરાન-પરેશાન થઈ ઊઠ્યા છે.સ્થાનિક નાગરિકો દ્વારા જ્યારે આ સમસ્યા અંગે સાપુતારા જી.ઈ.બી.ના ઓફિશિયલ કમ્પ્લેન નંબર પર ફોન કરીને રજૂઆત કરવામાં આવે છે, ત્યારે કર્મચારીઓ પોતાની જવાબદારીમાંથી છટકીને એવો જવાબ આપે છે કે ઉપરથી જ રોજેરોજ લાઈટ બંધ કરવામાં આવે છે, એમાં અમારો શું વાંક? તંત્રના આવા બેજવાબદાર અને ઉદ્ધત જવાબોથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે દક્ષિણ ગુજરાત વીજ કંપની સાપુતારા જેવા મહત્વના વિસ્તારમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ સેવા પૂરી પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડી છે. એક તરફ વીજ સેવા પૂરી પાડવામાં તંત્ર સાવ ખોરવાઈ ગયું છે, તો બીજી તરફ ગ્રાહકો પાસેથી સમયસર લાઈટ બિલ ઉઘરાવવામાં DGVCL મોખરે રહે છે. વીજ ગ્રાહકો નિયમિતપણે અને ટાઈમ સર બિલ ભરી દેતા હોવા છતાં, તેમને સતત પાવર કટ અને અંધારપટની સજા ભોગવવી પડી રહી છે.હાલમાં સ્થાનિકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતે તાત્કાલિક દખલગીરી કરી સતત થતાં પાવર કટની સમસ્યામાંથી મુક્તિ અપાવે.વધુમાં હાલમાં નવરાત્રીનો પર્વ પણ ચાલુ થયો છે.

## નવસારીમાં NPS સંચય યાત્રાનું સ્વાગત કરાશે

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૩ :** કેન્દ્ર સરકારના 'NPS દિવસ ૨૦૨૬ અભિયાન અંતર્ગત દેશભરમાં નાગરિકોને નાણાકીય સુરક્ષા અને નિવૃત્તિ આયોજન પ્રત્યે જાગ્રત કરવાના હેતુથી એનપીએસ સંચય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવી દિલ્હીથી નાણાં મંત્રી દ્વારા પ્રારંભ કરાવવામાં આવેલી આ વિશેષ યાત્રા સમગ્ર ગુજરાતના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં ફરીને ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવસારી ખાતે આવી પહોંચશે.

તારીખ ૧૫ ના રોજ લુન્સીકુઇ ખાતે બપોરે ૨ થી ૪ વાગ્યા દરમિયાન જાગૃતિ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે પ્રતિનિધિઓ, બેંક ઓફ બરોડા તેમજ અન્ય બેંકોના અધિકારીઓ ઉપસ્થિત રહીને નાગરિકોને એનપીએસ સંચય યોજનાની વિશેષતાઓ, ફાયદાઓ અને ખાતું ખોલાવવાની સરળ પ્રક્રિયા વિશે માર્ગદર્શન પૂરું પાડશે.

સ્થળ પર જ ખાતું ખોલાવવા અને માર્ગદર્શન આપવાની સાથે જાગૃતિલક્ષી સાહિત્યનું વિતરણ પણ કરવામાં આવશે.

બેંક ઓફ બરોડા અને લીડ બેંક મેનેજર દ્વારા નવસારી જિલ્લાના તમામ નાગરિકો, નોકરિયાતો અને અસંગઠિત ક્ષેત્રના કામદારોને આ સંચય યાત્રા વાનની મુલાકાત લઈ પોતાના સુરક્ષિત આર્થિક ભવિષ્યનું આયોજન શરૂ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૪-૧૦-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** આસો સુદ, ચોથ, **સૂર્યોદય :** ૦૬ : ૩૯ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૧, **ચંદ્રોદય** - ૦૯:૪૯ **ચંદ્રાસ્ત** - ૦૮:૩૫ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - અનુરાધા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** નોકરીમાં નવી જવાબદારી મળી શકે છે અને વેપારમાં સમજી વિચારીને નિર્ણય લેવો. આર્થિક બાબતોમાં બિનજરૂરી ખર્ચ ટાળવો. પરિવારના સભ્યો સાથે સારો સમય પસાર થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** પૈસાની બાબતમાં બચત પર ધ્યાન આપવું અને ઉતાવળમાં રોકાણ ન કરવું. પરિવારનો સહકાર મળશે અને જીવનસાથી સાથે સંબંધોમાં મધુરતા જળવાઈ રહેશે.

**મિથુન (ક, ઘ, ચ) :** કાર્યસ્થળ પર તમારી વાત રજૂ કરવાની તક મળશે. વેપારમાં કોઈ પણ સોદો કરતા પહેલાં જરૂરી માહિતી મેળવી લેવી.

**કર્ક (ડ, હ) :** પરિવારના સભ્યોની લાગણીઓને સમજવાનો પ્રયત્ન કરવો. પ્રેમજીવનમાં એકબીજાને સમય આપવાથી સંબંધો વધુ મજબૂત બનશે.

**સિંહ (મ, ટ) :** વેપારમાં નવી યોજના બનાવતા પહેલાં તેના ફાયદા અને જોખમનો વિચાર કરવો. પૈસાની બાબતમાં સાવચેતી રાખવી.

**કન્યા (પ, ઠ, ણ) :** નોકરીમાં અટકેલાં કામ આગળ વધી શકે છે અને વ્યવસાયમાં નવી તક મળી શકે છે. નાણાકીય લેવડદેવડમાં દસ્તાવેજો ધ્યાનથી તપાસવા.

**તુલા (ર, ત) :** નોકરીમાં સહકર્મચારીઓનો સહકાર મળી શકે છે અને વેપારમાં ભાગીદારીથી જોડાયેલી બાબતોમાં સ્પષ્ટતા રાખવી. આવક અને ખર્ચનું યોગ્ય આયોજન કરવું.

**વૃશ્ચિક (ન, ય) :** આર્થિક બાબતોમાં સાવચેતી રાખવી તથા જોખમી નિર્ણયોથી દૂર રહેવું. પરિવારના સભ્યોનો સહકાર મળી શકે છે. પ્રેમજીવનમાં મનની વાત ખુલ્લા દિલથી કરવાથી ગેરસમજ દૂર થશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** વેપારીઓએ કોઈ નવો સોદો કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી. પૈસાની બાબતમાં બચતને પ્રાથમિકતા આપવી. પરિવાર અને મિત્રો સાથે સારો સમય પસાર થશે.

**મકર (ખ, જ) :** કાર્યસ્થળ પર ધીરજથી કામ કરવાથી સારા પરિણામ મેળવવાની શક્યતા છે. વેપારમાં લાંબા ગાળાની યોજના ઉપયોગી સાબિત થઈ શકે છે. નાણાકીય બાબતોમાં બિનજરૂરી ખર્ચ ટાળવો અને બચત પર ધ્યાન આપવું.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વ્યવસાયમાં કોઈ પણ મોટો નિર્ણય લેતાં પહેલાં યોગ્ય સલાહ લેવી. આર્થિક બાબતોમાં સાવચેતી રાખવી. મિત્રો અને પરિવાર સાથેના સંબંધોમાં મધુરતા જાળવવી.

**મીન (દ, ચ, થ, ઝ) :** નાણાકીય બાબતોમાં ખર્ચનું યોગ્ય આયોજન કરવું. પરિવારનો સહકાર મનોબળ વધારશે. પ્રેમજીવનમાં લાગણીઓ વ્યક્ત કરવાથી સંબંધો મજબૂત બની શકે છે.

## દમણ રેડિયો

102.3 FM

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

## વલસાડ અભયમ ટીમ નવરાત્રિમાં ગરબા સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે સજ્જ

### વલસાડના બંદર રોડ, તડિયાવાડ અને રંગતારી ખાતે ગરબા કાર્યક્રમોની મુલાકાત લઈ મહિલાઓ અને યુવતીઓને સુરક્ષા અંગે જાગૃત કર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** નવરાત્રિના પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબાનો આનંદ માણી શકે અને કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં સમયસર સહાય મેળવી શકે તે હેતુથી ગુજરાત સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા વિવિધ ગરબા સ્થળોએ વિશેષ જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત વલસાડના તડિયાવાડ અને રંગ તારી ખાતે યોજાયેલા ગરબા કાર્યક્રમની ૧૮૧ અભયમની ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન મહિલાઓ, યુવતીઓ અને ખેલૈયાઓ સાથે સીધો સંવાદ સાધી મહિલા સુરક્ષા, વ્યક્તિગત સલામતી તથા મુશ્કેલીના સમયે મદદ મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૮૧ અભયમની ટીમ દ્વારા મહિલાઓને ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લિકેશન અને તેની ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી આપી, જરૂરિયાતના સમયે તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.મહિલા સુરક્ષા સમગ્ર સમાજની સહિયારી જવાબદારી છે. મહિલાઓ ભયમુક્ત વાતાવરણમાં તહેવારની ઉજવણી કરી શકે અને જરૂરિયાતના સમયે યોગ્ય સહાય મેળવી શકે તે માટે ૧૮૧ અભયમની ટીમ સતત પ્રયત્નશીલ છે. મહિલાઓને ખાસ અપીલ નવરાત્રિ દરમિયાન કે અન્ય કોઈપણ સમયે છેડતી, હેરાનગતિ, ધમકી કે અસુરક્ષાનો અનુભવ થાય તો ચૂપ ન રહો. પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપો અને સહાય માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે.

## વાપીમાં શ્રી અગ્રસેન જયંતિ મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી ખાતે શ્રી અગ્રવાલ સેવા સમિતિ દ્વારા VIA ઓડિટોરિયમમાં 'શ્રી અગ્રસેન જયંતિ મહોત્સવ'ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અગ્રવાલ સમાજના ૪૫૦થી વધુ સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મહોત્સવ દરમિયાન પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન, રમતગમત અને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા બાળકો તથા યુવાનોને પુરસ્કાર વિતરણ અને મહિલા સમિતિ દ્વારા પ્રસ્તુત 'અનમોલ રત્ન' નાટક મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. કાર્યક્રમનો પ્રારંભ સોસાયટીના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી એલ.એન. ગર્ગના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સોસાયટીના પ્રમુખ દેવેન્દ્ર ઝુનઝુનવાલા અને સેક્રેટરી શંકરલાલ બજાજે ઉપસ્થિત અગ્રવાલ સમાજના સભ્યોનું સ્વાગત કર્યું હતું. મહોત્સવ દરમિયાન સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ટ્રોફી અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રમતગમત સહિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર બાળકો અને યુવાનોને પણ ટ્રોફી એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બિલ્ડિંગ મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ ચંદ્રશેખર ગોયલે સમાજના યુવા સભ્યોને સંબોધિત કરી સમાજના વિકાસ અને સેવાકીય પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી.

'અનમોલ રત્ન' નાટક બન્યું આકર્ષણનું કેન્દ્ર કાર્યક્રમનું સૌથી મોટું આકર્ષણ મહિલા સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલું 'અનમોલ રત્ન' નાટક રહ્યું હતું. મહિલા સમિતિનાં પ્રમુખ કવિતા રામુકાના નેતૃત્વમાં તૈયાર કરવામાં આવેલા આ નાટકમાં સમાજના નાના-મોટા મળી કુલ ૧૧૦ સભ્યોએ ભાગ લીધો હતો. કલાકારોએ પોતાના ઉત્કૃષ્ટ અભિનયથી ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

નાટકના માધ્યમથી સંયુક્ત પરિવારની પરંપરા, તેનું મહત્ત્વ અને તેના ફાયદાઓને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. નાટકને ઉપસ્થિત સભ્યો તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. આ મહોત્સવમાં અગ્રવાલ સમાજના વરિષ્ઠ આગેવાનો, હોદ્દેદારો અને સભ્યોએ પોતાના પરિવાર સાથે હાજરી આપી હતી.

કાર્યક્રમના અંતે સૌએ સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો. સમગ્ર મહોત્સવ સામાજિક એકતા, સાંસ્કૃતિક પરંપરા અને પારિવારિક મૂલ્યોને ઉજાગર કરતો યાદગાર પ્રસંગ બન્યો હતો

## પારડી સરકારી શાળાઓના શિક્ષકોએ કામગીરીના ભારણ સામે આવેદનપત્ર પાઠવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો પર સતત વધી રહેલી શૈક્ષણિક, બિનશૈક્ષણિક અને વહીવટી કામગીરીના ભારને કારણે સર્જાતા માનસિક તણાવના મુદ્દે પારડી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે ચિંતા વ્યક્ત કરી છે. આ સંદર્ભે સંઘ દ્વારાપારડી તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી શિક્ષકોના કાર્યભારની તાત્કાલિક સમીક્ષા કરવા અને બિનજરૂરી કામગીરી ઘટાડવા રજૂઆત કરવામાં આવી છે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની નીલોશી પ્રાથમિક શાળાના આચાર્યના દુ:ખદ અવસાન અને આ સંદર્ભે સામે આવેલી સુસાઇડ નોટને ધ્યાનમાં રાખીને શિક્ષકોની કાર્યપરિસ્થિતિ તથા માનસિક સ્વાસ્થ્ય અંગે ગંભીરતાથી વિચારણા કરવાની જરૂરિયાત સંઘે દર્શાવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, પ્રાથમિક શિક્ષકો બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરે છે જોકે, શિક્ષણકાર્ય ઉપરાંત સર્વે, ડેટા એન્ટ્રી, વિવિધ પોર્ટલ પર માહિતી અપલોડ કરવી, રિર્પોટિંગ, તાલીમો, ઓનલાઈન કામગીરી અને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની અન્ય વહીવટી જવાબદારીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. તેના કારણે વર્ગખંડમાં શિક્ષણ આપવા માટેનો સમય ઘટવાની સાથે શિક્ષકોમાં માનસિક થાક, કાર્યતણાવ અને અસંતોષ વધતો હોવાની રજૂઆત કરવામાં આવી છે આવેદનપત્ર દ્વારા પારડી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે ઉપરોક્ત સૂચનો રાજ્યના મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને શિક્ષણ વિભાગ સુધી પહોંચાડવા તથા શિક્ષકોના કાર્યભાર અંગે પરિણામલક્ષી નિર્ણય લેવા વિનંતી કરી છે. જરૂર પડે તો શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ માટે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની દિશામાં પણ વિચારણા કરવાની રજૂઆતમાં ચેતવણી આપવામાં આવી છે.

## પારડીમાં એડવોકેટ પી.ડી. પટેલનું સન્માન કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના પનોતા પુત્ર અને જાણીતા ધારાશાસ્ત્રી એડવોકેટ પી.ડી. પટેલ ની બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન તરીકે નિયુક્તિ થઈ છે. આ ખુશીના અવસરે વલસાડ જિલ્લાના તમામ બાર એસોસીએશનો પારડી વલસાડ, વાપી, ધરમપુર, કપરાડા અને ઉમરગામના સંયુક્ત ઉપક્રમે ભારત રત્ન મોરારજી દેસાઈ હોલ, પારડી ખાતે ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

પારડી સ્વાધ્યાય મંડળના ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એડવોકેટ પી.ડી. પટેલ ચેરમેન બાર

કાઉન્સિલ ઓફ ગુજરાત એડવોકેટ રાકેશભાઈ પટેલ કો-ઓપ્ટ મેમ્બર, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત એડવોકેટ મનિષભાઈ રાણા Ex Co-opt Member, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને સેક્રેટરી, વલસાડ જિલ્લા વકીલ વિકાસ મંડળ, આ ઉપરાંત વલસાડ જિલ્લાના તમામ તાલુકા બાર એસોસીએશનના પ્રમુખઓ, હોદ્દેદારઓ, અધિવક્તા પરિષદના પ્રમુખ અને મોટી સંખ્યામાં વકીલ મિત્રો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો વલસાડ જિલ્લાના તમામ બાર એસોસીએશનો વતી ચેરમેન એડ. પી.ડી. પટેલનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભવ્ય સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ કો-ઓપ્ટ મેમ્બર રાકેશભાઈ પટેલ અને સેક્રેટરી મનિષભાઈ રાણાનું પણ પુષ્પગુચ્છ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમના અંતે પારડી બાર એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ એમ. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે પધારેલા તમામ માનનીય જજઓ, DGP બાર કાઉન્સિલના હોદ્દેદારો અને તમામ વકીલ મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપીની એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કુલ વિવિધ સ્પર્ધાઓમાં ઝળકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** લાયન્સ સ્કૂલ સેલવાસ દ્વારા આયોજિત ઈન્ટરસ્કૂલ હિન્દી પ્રતિભામંચ પ્રવકૃત્વ, વાદવિવાદ(ડિબેટ કોમ્પિટિશન) આશુભાષણ (એક્સટેમ્પોર) તથા કાવ્ય પઠન સ્પર્ધાઓનું ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિજેતા વિદ્યાર્થીઓ-ધોરણ ૯ માસ્ટર અવિશ ગાયકવાડે ડિબેટ કોમ્પિટિશન (અગેઈસ્ટ ધ મોશન) માં પ્રથમ સ્થાન મેળવ્યું. ધોરણ ૯ ની કુમારી આરાધ્યા તિવારી ડિબેટ કોમ્પિટિશનમાં (ફોર ધ મોશનમાં) આશ્વાસન ઈનામ મેળવ્યું. ધોરણ ૮ ના માસ્ટર સાઈ બાપુ સુરવડે વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ધોરણ ૧૧ ની કુમારી વિદુષી મિશ્રાએ એક્સટેમ્પોર સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ધોરણ ૪ ની કુમારી જાહન્વી ચૌહાણે કાવ્ય પઠનમાં તૃતીય સ્થાન મેળવ્યું છે. આ સફળતાથી ગર્વ અનુભવતા,સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

## નાનાપોંઢામાં તાલુકાકક્ષાના ગ્રામ હાટનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકા કક્ષાના ગ્રામ હાટનું લોકાર્પણ વાપી બસ ડેપો ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નાનાપોંઢાના તાલુકા વિકાસ અધિકારી પ્રિતેશ બારીયા, કૈલાશબેન ઢીમ્મર મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા લાઈવલીહુડ મેનેજર કલ્પના ચૌહાણ, એન.આર.એલ.એમ સ્ટાફ, બસ ડેપોનાં મેનેજર તથા અન્ય ડેપો સ્ટાફ અને સખીમંડળના બહેનો હાજર રહ્યા હતા. ગ્રામ હાટનો મુખ્ય ઉદ્દેશ સ્વસહાય જૂથની (SHG) બહેનો દ્વારા તૈયાર કરવામાં આવતાં વિવિધ ઉત્પાદનોને બજાર ઉપલબ્ધ કરાવવાનો તેમજ બહેનોની કલા, કૌશલ્ય અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો છે. આ ગ્રામ હાટના માધ્યમથી સખી બહેનોનાં ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે, જેથી મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનવાની અને સ્વરોજગારી દ્વારા પોતાની આજીવિકા મજબૂત કરવાની તક પ્રાપ્ત થશે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ ગ્રામ હાટની પહેલને બિરદાવી હતી અને સખી બહેનોને પોતાના ઉત્પાદનોના વેચાણ દ્વારા આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કરી હતી.

## વાપીની રાજ રાજેશ્વરી વિદ્યામંદિરમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** શ્રી રાજ રાજેશ્વરી વિદ્યામંદિર સ્કૂલમાં આજે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે વાલી ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની LOC (List of Candidates), Registration Process, Two Board Examination System, નિયમિત હાજરી તથા શિસ્ત અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના ચૅરમે હિમ્મતસિંહજી જાડેજા દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષા સંબંધિત મહત્વપૂર્ણ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના પ્રિન્સિપાલ ડૉ. રાજેશ્વરી પરમાર મૅમ દ્વારા વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, સમયપાલન અને શિસ્તનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

શાળાના કાઉન્સેલર ભારતીબા દ્વારા પણ વિદ્યાર્થીઓ અને વાલીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલીઓને LOC અને રજિસ્ટ્રેશન પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા તથા બોર્ડ પરીક્ષાની તૈયારીમાં વિદ્યાર્થીઓને યોગ્ય સહકાર આપવા સમજાવવામાં આવ્યું.

કાર્યક્રમ દરમિયાન બે બોર્ડ પરીક્ષા પદ્ધતિ, નિયમિત શાળામાં હાજરી, શિસ્ત અને શૈક્ષણિક જવાબદારી અંગે પણ માહિતી આપવામાં આવી. વાલીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને જરૂરી માહિતી મેળવી. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્ય માટે ઉપયોગી અને માર્ગદર્શક રહ્યો.

## વલસાડની કોલેજમાં ક્વિઝ સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા ગુજરાત વિકાસ યાત્રા - જનરલ નોલેજ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ક્વિઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્વિઝમાં ગુજરાતના વિકાસ, વિવિધ સરકારી યોજનાઓ, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ વર્તમાન સામાન્ય જ્ઞાનને લગતા બહુવિકલ્પીય પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનમાં વધારો કરવો, ગુજરાતના વિકાસ અંગે જાગૃતિ કેળવવી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે તેમને પ્રોત્સાહિત કરવાનો હતો. ક્વિઝમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ક્રિષા જીતેન્દ્રકુમાર પટેલ, દ્વિતીય (લક્ષ્મી હિમારામભાઇ પ્રજાપતિ અને તૃતીય શ્રેયા અશોકભાઇ લીંબાસિયા ક્રમે રહેનાર વિદ્યાર્થીઓને ઈનામ કોલેજના સિનિયર અધ્યાપક કે.સી.પટેલના હસ્તે આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આયોજિત આ કાર્યક્રમ NSS યુનિટના માર્ગદર્શન અને સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આવી પ્રવૃત્તિઓનું આયોજન સતત કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય વિજયકુમાર આર. ચાંપાનેરી દ્વારા પુરી પાડવામાં આવી હતી.

## ઉમરગામ શિક્ષણ સંઘ દ્વારા રજુઆત

### શિક્ષકોને બિનજરૂરી કામગીરીમાંથી મુક્તિ આપવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકો પરની બિનજરૂરી બાહ્ય અને ઓનલાઈન કામગીરીનો બોજ ઘટાડવા, શિક્ષકોના આત્મસન્માનનું જતન કરવા તથા વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યને પ્રાથમિકતા આપવા રજૂઆત કરવામાં આવી છે. સંઘે ધોરણ ૧થી ૫ની શાળાઓમાં કમ્પ્યુટર-પ્રિન્ટર અને તમામ શાળાઓમાં કાર્યરત ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમજ SNA સ્પર્શ હેઠળ નાનાં બિલોની જટિલ પ્રક્રિયા સરળ બનાવી જૂની ચેક અથવા PFMS પદ્ધતિ અમલમાં મૂકવાની માંગ કરી છે. સંઘનો હેતુ વિરોધ નહીં, શિક્ષકોને તણાવમુક્ત વાતાવરણ આપવાનો છે. સ્વ. શંકરભાઈ જાદવને સાચી શ્રદ્ધાંજલિ શિક્ષકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવી આવી દુ:ખદ ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા જરૂરી પગલાં લેવામાં જ રહેલી છે.



## અબ્રામા મણીબાગનો પ્રવેશ દ્વાર બનાવાયો

### નિવૃત્ત કલા શિક્ષકે પત્નીની યાદમાં બનાવાયેલો ગાર્ડનિંગ, રંગબેરંગી લાઈટો સાથે રૂા. ૪ લાખથી વધુનો આકર્ષક પ્રવેશદ્વાર હવે વલસાડના ધરમપુર રોડની શાન બન્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** સમાજમાં ઘણા એવા લોકો હોય છે કે જેઓ પોતાના સ્વજનની યાદમાં નિ:સ્વાર્થ ભાવે સેવાકીય પ્રવૃતિ કરતા હોય છે. જેમાંના જ એક છે વલસાડના અબ્રામા મણીબાગ-૨ ખાતે રહેતા નિવૃતિ કલાશિક્ષક ચંદ્રકાંતભાઈ સુરતી. શહેરનો પોશ ગણાતો અબ્રામા વિસ્તાર બહુધા વસ્તી, સોસાયટી, એપાર્ટમેન્ટ, સ્કૂલ અને હોસ્પિટલ ધરાવતો વિસ્તાર છે. પરંતુ મણીબાગની કોઈ ઓળખ ન હતી. મણીબાગને પોતાની ઓળખ મળે તે માટે નિવૃત્ત કલાશિક્ષકે પોતાની સ્વર્ગીય પત્નીની યાદમાં રૂ. ચાર લાખના ખર્ચે લીલીછમ હરિયાળી અને રંગબેરંગી રોશનીથી રાત્રે ઝગમગી ઉઠતો પ્રવેશદ્વાર બનાવી નવરાત્રીના પ્રથમ નોરતે લોકાર્પણ કરતા લોકોમાં ખુશીની લહેર પ્રસરી હતી.




મણીબાગના આ પ્રવેશદ્વારનું સ્વર્ગસ્થ ચંદ્રલતા ચંદ્રકાંત સુરતીની યાદમાં સૌજન્ય ચંદ્રકાંત છનાભાઇ સુરતી નામકરણ કરવામાં આવ્યું છે. પ્રવેશ દ્વારના લોકાર્પણ પ્રસંગે વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલ, કોર્પોરેટર અમિષભાઈ પટેલ, વિનોદ શર્મા (કાબલી) અને સોનલબેન પટેલ તેમજ ચંદ્રકાંતભાઈ સુરતીના સ્નેહી મિત્રોમાં ડો. મિતલ પટેલ, ડો. નીરવ પટેલ, ડો. નિશિથ પટેલ, મણીબાગ સોસાયટીના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ તેમજ કારોબારીના સભ્યો તથા મણીબાગ સોસાયટીના મોટી સંખ્યામાં વડીલો- યુવાનો હાજર રહ્યા હતા. આ ઉદાર સેવા બદલ સોસાયટીના વરિષ્ઠ નાગરિકોએ ચંદ્રકાંતભાઈ સુરતીનું સાલ ઓઢાડી અભિવાદન કર્યું હતું.

સોસાયટીના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે,ચંદ્રકાંતભાઈ શિક્ષક હોવા ઉપરાંત સામાજિક કાર્યકર તરીકે પોતાની સ્વર્ગસ્થ પત્નીની યાદમાં રૂ ચાર લાખથી વધુનું માતબર દાન આપીને પોતાની પત્નીનું મણીબાગના મુખ્ય પ્રવેશ દ્વાર પર નામકરણ કરાવ્યું છે તે બિરદાવવા લાયક છે. આ મુખ્ય દ્વાર ખરેખર સોસાયટીનું એક ઘરેણુ છે.

ચંદ્રકાંતભાઈએ પત્નીની યાદને હંમેશા જીવંત રાખવા પ્રવેશ દ્વારની ભેટ મણીબાગના રહીશોને આપી પત્ની યાદમાં વાંસળીના સૂર રેલાવી સૌના દિલ જીતી લીધા હતા. મણીબાગ સોસાયટીના ખજાનચી હેમલ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## ઉદવાડામાં ભગવતી કોલોનીના મુખ્ય ગેટ અને દાતાઓના નામની તખ્તીનું અનાવરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન પાસે આવેલ ભગવતી કોલોનીના મુખ્ય ગેટ અને દાતાઓના નામની તખ્તીનું અનાવરણ કરવામાં આવ્યું હતુ જેમાં ગામના સરપંચ અજયભાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતાં જ્યારે આ ગેટ બાંધકામના દાતા બિપીનભાઈ પટેલ તેમજ અંજનાબેન તથા મહેશભાઈ ઈલાબેન સપના તેમજભાગવતી કોલોનીના રહીશો ઉપસ્થિત રહ્યા હતાં તો સાથે સાથે શ્રી ભક્તિ મંડળના પ્રમુખ અહમદભાઈ પણ ખાસ હાજર રહ્યાં હતા પારડી તાલુકાના ઉદવાડા સ્ટેશન




ખાતે આવેલ ભગવતી કોલોનોના મુખ્ય ગેટનું મુખ્ય પ્રવેશદ્વારનું ઉદઘાટન કરાયું હતું. દાતાઓમાં પટેલફાર્મ નર્સરીનો પરિવારનો તથા બીજદાતા સિદ્ધાર્થ કિશોરભાઈ દેસાઈનો તેમજ કિશોરભાઈ ગાંધીના પરિવારજનનો કોલોનીના રહીશ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો. નારાયણભાઈ તેમજ મિત્રો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ જ્યારે કાર્યક્રમનું સંચાલન શૈલેષ જરીવાલા કર્યું હતું.

## વાપી પંથકમાં નવરાત્રી નિમિત્તે અનેક સ્થળોએ દુર્ગાપૂજાની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧ :** શારદીય નવરાત્રિ નિમિત્તે વાપીમાં વિવિધ જાહેર સ્થળોએ દુર્ગા પૂજાની ઉજવણી કરવામાં આવી છે. આયોજકોએ પંડાલોમાં દેવી દુર્ગાની મૂર્તિઓ સ્થાપિત કરી અને ધાર્મિક પૂજા શરૂ કરી. મૂર્તિઓના દર્શન કરવા માટે ભક્તો આવવા લાગ્યા છે. જાહેર દુર્ગા પૂજાની ઉજવણીથી વિસ્તારમાં ધાર્મિક ઉત્સાહ અને સામૂહિક ભક્તિનું વાતાવરણ ઉભું થયું છે. આગામી નવ દિવસ સુધી પંડાલોમાં પૂજા, આરતી અને અન્ય ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

વાપીના ચાણોદના મેંગો વિલા ખાતે નવદુર્ગા સેવા ટ્રસ્ટે પણ એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું છે. નવરાત્રિના પહેલા દિવસે, એક કળશ યાત્રાનું આયોજન કરવામાં લાવચા ગામે થી કરી હતી અને ત્યાંથી પવિત્ર જળ એકત્રિત કરીને પૂજા પંડાલમાં પહોંચાડ્યું હતું. અહીં નવ દિવસ દરમિયાન ત્યાં હવન યજ્ઞ સહિત વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવશે. ટ્રસ્ટે મહિલા ભક્તો માટે ચુનરી પવિત્ર દોરો, નારિયેળ અને કળશ સહિત પૂજા સામગ્રી પણ પૂરી પાડી છે. વધુમાં, વાપી ટાઉન, છીરી, છરવાડા અને વલ્લભ નગર સહિત વિવિધ ઉત્તર ભારતીય પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં પણ સાર્વજનિક દુર્ગા પૂજા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

# દેશમાં કાયદાઓ ઢગલેબંધ હોવા છતાં ગુનાખોરીનો દાંડિયારાસ ચાલુ !!

## દેશની રાજધાનીમાં બનતી દુષ્કર્મની ઘટનાઓથી સર્વોચ્ચ અદાલત પણ લાલઘૂમ : પોલીસને કહ્યું હરામીઓમાં ડર પેદા કરો : અદાલતે પોલીસને પ્રજાનો વિશ્વાસ જીતવાની શીક આપી : ગુજરાતમાં ગૌહત્યાનો કાયદો છતાં ખાટકીઓ બેફામ : પશુઓને કતલખાને લઈ જતાં વાહનોનો ફરીથી પાપી કૃત્ય માટે ઉપયોગ : સરકાર મુંગાજીવોની કતલ કરનારાંઓ માટે કઠોર કાનૂનની જોગવાઈ કરે : ધ્વનિપ્રદૂષણના ભયસ્થાનો છતાં સૌ કુંભકરણની ઊંઘમાં

### દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

આપણા દેશમાં કાયદાઓ તો ઢગલેબંધ છે પરંતુ ગુનાખોરીનું તાંડવ નૃત્ય અટકતું જ નથી. અખબારોના પાના પણ હત્યા, લૂંટ, બળાત્કાર, ઘરફોડ ચોરીઓ, લાખો, કરોડોના કૌભાંડોના સમાચારોથી ભરેલાં હોય છે. જાણે હરામીઓને ગુનાનો કોઈ ડર જ નથી રહ્યો !

દેશના જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિની ઉપાધ્યાય વર્ષોથી ગળુ ફાડીને કહી રહ્યાં છે કે, દેશમાં ગુનાખોરીએ માઝા મુકી છે જે કાનૂનની બુઠ્ઠી ધારની સાબિતી છે.

હાલમાં જ દેશની સર્વોચ્ચ અદાલતે દિલ્હીમાં સમયાંતરે બનતી દુષ્કર્મની ઘટનાઓ અંગે એવી તીખી આલોચના કરી હતી કે બળાત્કારના બનાવોને રોકવા માટે ગુનેગારોમાં ડર પેદા કરવો પડશે. જ્યાં સુધી હરામખોરોમાં એવો ભય પેદા નહીં કરવામાં આવે કે, બળાત્કાર કરી શું તો વર્ષો સુધી જેલના સળિયા પાછળ ધકેલાઈ જઈશું, ત્યાં સુધી હાલતમાં સુધારો નહીં થાય. અદાલતે એવો મત પણ વ્યક્ત કર્યો હતો કે, કાગળ ઉપર વાતો લખવાનું પુરતું નથી. આ માટે આકરા પગલાં લેવા પડશે. સર્વોચ્ચ અદાલતે બળાત્કારના બનાવો બાબતમાં પોલીસે આકરાં પગલાં લેવા જોઈએ એમ જણાવી ઉમેર્યુ હતું કે બળાત્કારીઓની તરફેણવાળા બંધારણીની જોગવાઈ બતાવી જીવન જીવવાના હક્કની વાત આગળ કરશે પરંતુ પોલીસે એ બધુ અવગણીને આવાં તત્વો સામે તેજાબી પગલા લેવા પડશે.

સર્વોચ્ચ અદાલતે ગુનાખોરી પર બ્રેક લગાવવા દરેક સ્થળે તકેદારી વધારવા પોલીસને જણાવ્યું હતું. જ્યાં મહિલાઓ સામે વધુ જોખમ તોળાતું હોય ત્યાં ચાંપતો બંદોબસ્ત રાખવાનું પણ પોલીસને અદાલતે સૂચન કર્યુ હતું.

એ સાથે સર્વોચ્ચ અદાલતે એમ પણ જણાવ્યું હતું કે, આવાં પગલાં ગુનેગારોમાં ફફડાટ ફેલાવવા જ લેવાના છે. પરંતુ આમપ્રજામાં ડર પેદા ન થાય તેની કાળજી પણ રાખીવી પડશે. લોકો સામે ચાલીને પોલીસ સમક્ષ રજૂઆત કરવા આવે એવું વાતાવરણ સર્જવું પડશે. પોલીસે એવો માહોલ બનાવવો પડશે કે મહિલાઓ રાતે દશ વાગે પણ સલામતી અનુભવે.

આમજનતાને હરામીઓ રંજાડે નહીં એ જોવાની ફરજ દેશનાં પોલીસતંત્રની બની રહે છે. પરંતુ ગુનાહિત તત્વોના દાંડિયારાસ અંગે દેશની સર્વોચ્ચ અદાલતે સુઓમોટો નોંધ લેવી પડે એ સૌ માટે શરમજનક ગણાય.

**ગુજરાતમાં ગૌહત્યા પ્રતિબંધ હોવા છતાં પશુધનને સમયાંતરે કતલખાને ધકેલાય છે ત્યારે કાયદાની છટકબારી પુરવી જોઈએ.**

ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં ગૌહત્યા પ્રતિબંધનો કાયદો સૌપ્રથમ બનાવાયો હતો. આમ છતાં, વર્ષોથી ગુજરાતમાંથી મુંગુ પશુધન મહારાષ્ટ્રના કતલખાને ધકેલાતું રહ્યું છે.

રાજ્યમાં ગૌશાળાઓ અને પાંજરાપોળો ચલાવતાં જીવદયાપ્રેમીઓ મુંગા જીવોને કતલખાને લઈ જનારાં ઉપર બાજનજર રાખી પશુઓને ગેરકાયદે લઈ જતાં વાહનોને જીવના જોખમે અટકાવે છે. પરંતુ કાનૂનના છીંડાઓને કારણે ખાટકીઓ પશુધનને કતલખાને ધકેલવાનું ચાલુ જ રાખતાં હોય છે.

વાપી નજીક રાતા ખાતે વર્ષોથી એક પાંજરાપોળ કાર્યરત છે. આ પાંજરાપોળના અગ્રણી રાજેશભાઈ હસ્તીમલ શાહ ખૂબ જ સક્રિય છે અને તેમના સાથી કાર્યકરોના સહયોગથી તેમણે હજારો મુંગા જીવોને કતલખાને જતાં બચાવેલાં છે. કહો, મુંગા જીવોને જીવતદાન આપેલું છે.

રાતા પાંજરાપોળમાં કતલખાને ધકેલાતાં મુંગાજીવોને બચાવી આ સંસ્થામાં તેઓનું સારી રીતે લાલનપાલન કરવામાં આવે છે.

રાતા પાંજરાપોળ કતલ ખાને ધકેલાતાં પશુઓને તો ઉગારે જ છે, પરંતુ આ સંસ્થા વાપીમાં રખડતાં પશુઓને પણ સાચવે છે. વાપી મહાનગર પાલિકાનું તંત્ર માર્ગ ઉપર રખડતાં પશુઓને પકડી રાતા પાંજરાપોળને સોંપે છે.

રાતા પાંજરાપોળના કર્તાહર્તા રાજેશભાઈ હસ્તીમલ શાહની વ્યથા એજ છે કે, પશુઓને કતલખાને લઈ જતાં વાહનો ઝડપાયાં પછી પણ એજ વાહનમાં ફરીથી પશુઓની તસ્કરી થતી રહે છે ! પશુની કતલ કરનારાંઓ કાયદાની છટકબારીઓનો કેવો ગેરલાભ ઉઠાવે છે તે આ વાત જ પુરવાર કરે છે.

રાતા પાંજરાપોળ આજની તારીખે સંસ્થાની ક્ષમતા કરતાંવધુ પશુઓની સંભાળ રાખે છે. આ પાંજરાપોળમાં કતલખાને લઈ જતાં બચાવેલા ઘેંટા, બકરાઓને પણ સારી રીતે રાખવામાં આવે છે. સંસ્થા પશુઓના ક્ષેમકુશળ માટે પશુચિકત્સકને પણ રાખે છે. મુંગા પશુઓ ઉપરાંત મકરસક્રાંતિ દરમ્યાન પતંગના દોરામાં ફસી જતાં કબુતરોને બચાવવાનું પુણ્યકામ પણ આ સંસ્થા કરે છે.

વાપી એક સમૃધ્ધ વિકસિતનગર છે. આવાં સ્થિતિ સંપન્ન હસ્તીઓ ધરાવનાર વાપીની પાંજરાપોળને નાણાંકીય ખેંચ કદી આવવા દેવી ન જોઈએ એવો અમારો નમ્ર મત છે.

રાતા પાંજરાપોળના અગ્રણી રાજેશભાઈ હસ્તીમલ શાહ સંકટમાં મુકાયેલ કોઈ પણ મુંગા જીવને આફતમાંથી ઉગારવા હંમેશા તત્પર રહે છે. આ અમારો પોતાનો અનુભવ પણ છે.

અફસોસ એજ વાતનો રહે કે ગૌહત્યા પ્રતિબંધવાળા ગુજરાત રાજ્યમાં કાયદો હોવા છતાં ખાટકીઓ ગુજરાતમાંથી જ પશુધનને સમયાંતરે કતલખાને મોકલતાં રહે છે છતાં સરકાર પશુઓના હત્યારાઓ પોતાની આ પાપલીલા હંમેશ માટે છોડે એવો સુધારો કાયદામાં કરતી નથી. પશુધનોને કતલખાને લઈ જતાં વાહનોને હંમેશ માટે જપ્ત કરવાનો કાયદો કરવો જોઈએ. પણ તે પ્રત્યે કોઈ ધ્યાન આપતું નથી.

કાયદો હોવા છતાં ખાટકીઓ પશુધનને કતલખાને ધકેલવાની હિંમત કરતાં હોય ત્યારે 'સેટીંગ ડોટ કોમ''ની બોલબાલા હોવાનો શક જવાનો જ અરે રસ્તા ઉપરના પશુઓનો ઘેનનું ઈન્જેકશન આપી ખાટકીઓ ઉપાડી જતાં હોય છે !

ગુજરાતમાં ૨૨૩ રજીસ્ટર્ડ પાંજરાપોળો છે અને આશરે ૧,૬૫૮ રજીસ્ટર્ડ ગૌશાળાઓ છે. આ બધી સંસ્થાઓ ૧ લાખ ૭૭ હજાર ૫૨૨ પશુઓની સંભાળ રાખે છે.

આ ઉપરાંત રજીસ્ટર્ડ ન હોય એવી ગૌશાળાની સંખ્યા પણ સારી એવી છે.

પાંજરાપોળો નાણાંકીય મુસ્કેલીઓ વચ્ચે મુંગા જીવોની સંભાળ રાખે છે. જીવદયાની ભાવના સાથે પાંજરાપોળો ચાલતી હોય છે. પાંજરાપોળમાં સચવાતાં પશુઓ દૂધાળા નથી હોતાં એટલે તેઓનું કોમર્સિયલ કોઈ મુલ્ય નથી હોતું. આ સંસ્થાઓ વૃધ્ધ, અશક્ત અને કતલખાને જતાં બચાવેલાં પશુઓને સાચવે છે.

આ સંસ્થાઓ પ્રજાજનો દ્વારા મળતાં દાન, બિનરાજકીય સંગઠનોની ગ્રાંટ અને જૈન મહાજન દ્વારા મળતી સહાયથી માનવતાનું આ કાર્ય કરે છે.

એવો અંદાજ છે કે પાંજરાપોળોને દરરોજ પશુ દિઠ રૂા.૮૦ ઉપરાંતનો ઘાસચારાનો ખર્ચ થતો હોય છે. મોટા પાંજરાપોળોને વાર્ષિક ચારેક કરોડ જેટલો નિભાવ ખર્ચ થાય છે.

મુખ્યમંત્રી ગૌમાતા પૌષણ યોજના અન્વયે રૂા.૩૦=૦૦ની સબસીડી મળતી હોય છે.

આ સંસ્થાઓ ઉપર પશુઓના ખોરાકના વધતાં ભાવો અને પશુઓની સારવારના ખર્ચનું ભારણ પણ વધતું રહે છે.

આશા રાખીએ જીવદયાનું ઉમદા કાર્ય કરતી પાંજરાપોળોને આર્થિક તાણ ન પડે અને પોતાનું પુણ્યકાર્ય અવિરત ચાલુ રાખી શકે એ માટે પ્રજાજનો પણ આ અંગેનું પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવશે.







## ધ્વનિ પ્રદૂષણ ક્યારે અટકશે ?

ધ્વનિપ્રદૂષણનું દૂષણ આપણા દેશમાં વધુમાં વધુ જોવા મળે છે. આપણા મોટા ભાગના તહેવારો ધ્વનિપ્રદૂષણ માટે કૂખ્યાત છે.

એક હેવાલ પ્રમાણે ધ્વનિપ્રદૂષણના કારણે આયુષ્યમાં ઘટાડો થઈ રહ્યો છે. ઘોંઘાટથી હાર્ટ એટેકની શક્યતા પણ રહે છે. અવાજના પ્રદૂષણથી હૃદયના ધબકારા વધે છે અને બ્લડપ્રેસર પણ ઉંચુ જાય છે.

સામાન્યતઃ રાત્રી દરમ્યાન નિરાંતની નિંદ માટે બેડરૂમમાં ૩૦ ડેસીબલથી વધુ અવાજ ન હોવો જોઈએ. બહાર પણ ૪૦ ડેસીબલથી વધુ અવાજ ન હોવો જોઈએ.

વિશ્વ આરોગ્ય સંસ્થાના કહેવા પ્રમાણે વાયુપ્રદૂષણ પછી ધ્વનિપ્રદૂષણ બિમારીઓનું સૌથી મોટુ કારણ છે. ધ્વનિપ્રદૂષણ કાયમી બહેરાશનું પણ કારણ બને છે. સરકાર આ બાબત ગંભીરતા દાખવશે !

# ઘણાં રાષ્ટ્રોનો સમૂહ બનાવો-એકાકી ન રહો

### વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

ત્રાજવાના એક પલડામાં સરદારસાહેબને મૂકવામાં આવે અને બીજા પલડામાં બધા નેતાઓને મૂકવામાં આવે તોપણ સરદાર સાહેબનું પલડું ઊંચું ન કરી શકાય. બધા નેતાઓ માટે કહી શકાય કે આ ન હોત તો ચાલત. વાંધો ન આવત પણ સરદાર સાહેબ માટે એવું કહી જ ન શકાય કે સરદાર ન હોત તો કશું બગડી જવાનું ન હતું. તે અનિવાર્ય હતા. એક માત્ર અનિવાર્ય. આવા મહાન સરદારસાહેબની એક ભવ્યાતિભવ્ય પ્રતિમા આપણે મૂકવી જોઈએ. સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી જેવી જેને જોવા પૂરું વિશ્વ આવે. આવી પેઢીને પ્રેરણા મળે. અમે પ્રયત્નો કર્યા પણ રાજશાસનનો બહુ ઉત્સાહ નથી દેખાતો. થોડી નહિ, ઘણી નિરાશા થાય છે. સત્તાઓ બદલાતી રહે છે, જીવન ક્ષણભંગુર છે. આ કામ અધૂરું ન રહી જાય.

ચિંતનના બે ભેદ છે ૧. કલ્પનાપ્રધાન, અતિ આદર્શભર્યું અને

૨. વાસ્તવિક વ્યાવહારિક.

૨. જે ચિંતન વાસ્તવિક નથી હોતું, તે આપોઆપ અપ્રસ્તુત થઈ જતું હોય છે. પણ અપ્રસ્તુત થતાં પહેલાં તે તેને સ્વીકારનારા–ઓને પાયમાલ કરી દેતું હોય છે. આપણે ત્યાં આવી બે ધારાઓ ચાલતી રહી છે ૧. કલ્પના-પ્રધાન અને ૨. વાસ્તવિકતાપ્રધાન. પહેલી ધારાએ પૂરી પ્રજાને સદીઓથી પકડી રાખી છે. જેથી પ્રજા પાયમાલ થઈ રહી છે. બીજું ચિંતન થોડા માણસોની નાની ધારામાં વહેતું રહ્યું છે, જેને સ્વીકારનારો વર્ગ થોડો જ રહ્યો છે. આ બીજી વાસ્તવિક ધારાને વધુ સ્પષ્ટ કરવાનું કામ ચાણક્યે કર્યું છે. જે ૨૩૦૦ વર્ષ પછી પણ પૂરેપૂરા પ્રસ્તુત છે. તેમાં જરાય અપ્રસ્તુતતા નથી. ચાણક્યે જીવનનાં બધાં ક્ષેત્રો ઉપર પોતાના વાસ્તવિક ચિંતનનો પ્રભાવ નાખ્યો છે. પણ બે ક્ષેત્રોમાં તેમની બહુ જ માસ્ટરી છે. ૧. અર્થતંત્ર અને ૨. રાજતંત્ર. આ બન્ને ક્ષેત્રો પ્રજા અને રાષ્ટ્ર માટે પ્રાણસમાન મહત્ત્વનાં છે. એટલે તેનું અધ્યયન જરૂર કરવું જોઈએ. (વાંચો મારું પુસ્તકચાણક્યની રાજનીતિ) ચાણક્યનું અર્થતંત્ર રાષ્ટ્રને સમૃદ્ધ અને પ્રજાને વૈભવી જોવા માગે છે. દરિદ્ર નહિ. પ્રજાને અર્થતંત્રના દ્વારા દરિદ્ર અને વૈભવી બનાવી શકાય છે. ચાણક્ય વૈભવી બનાવે છે. ચાણક્ય રાષ્ટ્રને સમૃદ્ધ અને સુરક્ષિત બનાવવાનું સૂચવે છે. અંગ્રેજોની પૂરી નીતિ ચાણક્યના આધારે હતી. ચાણક્ય યુદ્ધની અનિવાર્યતા માને છે એટલે હંમેશાં તૈયાર રહેવાનું સૂચવે છે. બહુશક્તિશાળી રાષ્ટ્રને યુદ્ધ કરવું પડતું નથી. બધ

। તેનાથી ડરે છે અને દૂર રહે છે. પણ શક્તિહીન રાષ્ટ્રો તરત જ આક્રમણનો શિકાર થઈ જતાં હોય છે. શિકારી હિંસક પ્રાણીઓ, પોતાના શિકારના ટોળામાં સૌથી દુર્બળ પશુને પસંદ કરે છે. તેને અલગ કરે છે અને પછી મારે છે. આવી જ રીતે દુર્બળ રાષ્ટ્રનો સૌ કોઈ જલદી શિકાર કરે છે. રાષ્ટ્રની દુર્બળતા મહાપાપ છે. અને તેને દુર્બળ બનાવનારા આચાર તથા વિચારો આપનારા મહાપાપી છે. જે વિચારોથી રાષ્ટ્ર અને પ્રજા દુર્બળ થઈને ગુલામ બને કે દબાયેલી થઈ જાય તે વિચારો ચાણક્યને માન્ય નથી. રાષ્ટ્રને મહાશક્તિ બનાવવું હોય તો ઓછામાં ઓછા ત્રણ ઉપાયો કરવા જોઈએ. ઘણાં રાષ્ટ્રોનો સમૂહ બનાવો–એકાકી ન રહો. પોતાના બજેટ પ્રમાણે વિશાળ સેના, આધુનિક શસ્ત્રો અને સર્વોચ્ચ વ્યૂહબાજ સેનાપતિઓને તૈયાર રાખવા.

જ્યાંથી આક્રમણનો ભય હોય તેના ઉપર પ્રથમ જ આક્રમણ કરી દેવું. શત્રુને તેના ઘરમાં જ ધમરોળવો, કમ્મર તોડી દેવી જેથી ફરી આક્રમણ કરવાની હિંમત ન કરે.

જે લોકો આ ત્રણ ઉપાયો સતત નથી કરતા, સતત તૈયાર નથી રહેતા તે રાષ્ટ્રને મહાન ન બનાવી શકે. તલવારની ધારથી મહત્તા પ્રગટે છે. તમારા સદ્ગુણો અને ઉદારતા વગેરેને સ્થાપિત કરવા માટે પણ શક્તિની જરૂર રહે છે. કોરા ઊંચા ઉપદેશો શ્રુતરમણીય હોય છે. જે અરણ્યરુદન થઈને ભૂંસાઈ જતા હોય છે કે પછી આવા ઉપદેશો સાંભળનારને ભૂંસી નાખતાં હોય છે. શક્તિનાં ત્રણ કેન્દ્રો છે ૧. તલવાર, ૨. ત્રાજવાં (વ્યાપાર) અને ૩. કલમ (જ્ઞાનવિજ્ઞાન). આ ત્રણે એકસાથે ચાલે, ત્રણે એકબીજાનાં પૂરક બને. ધર્મ સર્વોપરી છે. બધું જ ધર્મોધારિત હોવું જોઈએ. ચાલો ફરીથી ચાણક્યને સ્વીકારીએ.

જે પ્રજા યોદ્ધાઓ પેદા નથી કરતી તે ઉત્તમ રાજનેતા પણ પેદા નથી કરી શકતી. આઝાદી પછી ભારતની દુર્બળતામાં આવા બિનયોદ્ધા રાજનેતાઓ પણ કારણ છે. યોદ્ધાના ગુણ વિનાના રાજનેતાઓ અમાપ સાહસ અને મક્કમ નિર્ણયવાળા નથી હોતા. ઉત્તમ રાજનેતાઓ વિના કોઈ પણ રાષ્ટ્ર કદી પણ ઉત્તમ થઈ શકે નહિ. ઉત્તમ પ્રજા જ ઉત્તમ રાજનેતાને પચાવી શકતી હોય છે. જો પ્રજાની કક્ષા ઉત્તમ ન હોય અને તેને ઉત્તમ રાજનેતા મળે તો તે તેને સ્વીકારી ન શકે. ઉત્તમતા સ્પર્ધાથી આવતી હોય છે. જ્યાં સ્પર્ધા હોતી જ નથી ત્યાં મારે તેની તલવાર થઈ જાય છે. જે લોકો અનામતના જોરે ભણ્યા, અનામતના જોરે ચૂંટાયા અને અનામતના જોરે મંત્રી બન્યા તે ભાગ્યે જ ઐતિહાસિક હોઈ શકે. કારણ કે સ્પર્ધા જ ન હતી. જેનામાં સ્પર્ધા કરવાથી ક્ષમતા જ ન હોય તેવા અપંગોને થોડીક અનામતો હોય જ. તેમને કાખઘોડીની જરૂર છે જ. પણ આવી ટકાવારી બહુ થોડા પ્રમાણમાં જ હોવી જોઈએ. એ પ્રમાણનો અતિરેક થઈ જાય તો પૂરું રાષ્ટ્ર અપંગ થઈ જાય. કાખઘોડી-વાળાની સ્વસ્થ રસ ન હોય. કાખઘોડીવાળા સંપૂર્ણ યોદ્ધાઓ ન થઈ શકે. તેનો દોષ નથી. તેને યોદ્ધા બનાવનારનો દોષ છે. જેને ક્ષમતા–અક્ષમતા માપતાં આવડતી નથી. યોદ્ધાઓ વિના યુદ્ધ નહિ અને યુદ્ધ વિનાનું રાષ્ટ્ર નહિ. જીવનનું પ્રત્યેક ક્ષેત્ર યુદ્ધ જ છે. શતપ્રતિશત ઉત્તમ યોદ્ધાઓથી રાષ્ટ્ર મહાન બનતું હોય છે. જેટલી ઉત્તમતાનો રેશિયો ઓછો તેટલી જ રાષ્ટ્રની મહાનતા ઓછી ઈઝરાયેલ શતપ્રતિશત યોદ્ધાઓનો દેશ છે. યોદ્ધાઓ, આનુવંશિકતાથી, ઘડતરથી, ચિંતનથી અને મહાન લક્ષ્યોથી વધારી શકાય છે. જેમ ગીરમાં સિંહોની સંખ્યા વધારી શકાય છે, તેમ યોદ્ધાઓની સંખ્યા પણ વધારી શકાય છે. દૂષિતચિંતન અને દૂષિતઘડતર યોદ્ધાઓના સ્તરને નીચો ઉતારે છે અને નકામા પણ બનાવે છે. ભારત હંમેશાં યોદ્ધાઓની કમીથી પીડાતો દેશ રહ્યો છે. કારણ કે યોદ્ધાઓનું આવું વંશિકક્ષેત્ર કુલ પ્રજાના માત્ર છટકાનું રહ્યું છે. બાકીની પ્રજામાં યૌદ્ધિક ગુણો ઓછા પ્રમાણમાં હોવાનું કારણ માત્ર આનુવંશિકતા જ નહિ પણ ધર્મ તથા ચિંતન પણ રહ્યું છે. જેણે શૌર્ય, શસ્ત્રો અને યુદ્ધોથી પ્રજાને વિમુખ થવાની પ્રેરણા આપી છે. જેથી તે પારકા શાસકોથી શાષિત રહ્યો છે. (વધુ આવતા અંકે)

# વલસાડના વિક્રમ ચાંપાનેરીએ ટપાલ ટિકિટોમાં સાચવ્યો ઇતિહાસનો અમૂલ્ય ખજાનો

## વર્ષ ૧૯૮૪માં ૧૭ વર્ષની ઉંમરથી ટપાલ ટિકિટો એકત્રિત કરવાનો શોખ, ૨૦ દેશોની ગાંધીજીની જન્મજયંતિની દુર્લભ ટિકિટોનો સંગ્રહ

**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**



**વલસાડ, તા. ૧૨ :** ટપાલ ટિકિટ કદમાં નાની હોય છે, પરંતુ તેની અંદર દેશનો ઈતિહાસ, સંસ્કૃતિ, મહાનુભાવોની સ્મૃતિ અને ઐતિહાસિક ઘટનાઓની ગાથા સમાયેલી હોય છે. આજના ડિજિટલ યુગમાં ટપાલ ટિકિટોનો ઉપયોગ ભલે ઓછો થયો હોય, પરંતુ તેના સંગ્રહ અને અભ્યાસનું મહત્વ આજે પણ એટલું જ વિશેષ છે. ટપાલ ટિકિટોના સંગ્રહને ફિલાટેલી તરીકે ઓળખવામાં આવે છે. આ જ ફિલાટેલીના શોખને છેલ્લા ૪૨ વર્ષથી જીવંત રાખનાર વલસાડના તિથલ રોડ પર સ્વર્ગાશ્રમ મંદિરની ગલીમાં આવેલા રાધિકા એપાર્ટમેન્ટમાં રહેતા ૫૭ વર્ષીય ફિલાટેલિસ્ટ વિક્રમ નગીનભાઈ ચાંપાનેરીએ પોતાના અમૂલ્ય સંગ્રહ દ્વારા ટપાલ ટિકિટોના વિશ્વને સાચવી રાખ્યું છે. ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા પોસ્ટલ વીક અંતર્ગત તા. ૧૨ ઓક્ટોબરે 'ફન વિથ ફિલાટેલી ડે' ઉજવવાના સંદર્ભે વલસાડ હેડ પોસ્ટ ઓફિસ ખાતે વિક્રમભાઈના સહયોગથી વિશેષ ફિલાટેલી પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનીના માધ્યમથી વિદ્યાર્થીઓને ટપાલ ટિકિટોના ઈતિહાસ, તેના મહત્વ અને સંગ્રહની પ્રવૃત્તિ વિશે જાણવાની તક મળી હતી.

વલસાડના વિક્રમ નગીનભાઈ ચાંપાનેરીને માત્ર ૧૭ વર્ષની ઉંમરથી જ ભારતીય ટપાલ વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી ટપાલ ટિકિટો એકત્રિત કરવાનો શોખ જાગ્યો હતો. સમય જતાં આ શોખ તેમના જીવનનો અભિન્ન હિસ્સો બની ગયો. આજે તેમની પાસે સ્ટેમ્પ, કવર, પોસ્ટકાર્ડ સહિત ટપાલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી વિવિધ પ્રકારની ટપાલ સામગ્રીનો વિશાળ સંગ્રહ છે. ભારત સરકાર દ્વારા શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા, રામાયણ, ભારતની કઠપૂતળી કલા, વંદે માતરમનાં ૧૫૦ વર્ષ, મહાકુંભ, દેવી અહિલ્યાબાઈ, સરદાર સરોવર-કેવડિયા કોલોની અને નેતાજી સુભાષચંદ્ર બોઝ જેવા વિવિધ વિષયો અને પ્રસંગોને સમર્પિત બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટો તેમના સંગ્રહમાં સ્થાન ધરાવે છે.

વિક્રમભાઈના સંગ્રહની વિશેષતા જોઈએ તો, મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વિશ્વના આશરે ૧૨૦ દેશો દ્વારા બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટોમાંથી ૨૦ દેશોની ટિકિટોનો દુર્લભ સંગ્રહ એમની પાસે છે. ટપાલ ટિકિટો ઉપરાંત તેમની પાસે પોસ્ટકાર્ડ, ઈનલેન્ડ લેટર, સ્ટેમ્પ મિનિએચર શીટ, કોમેમોરેટિવ કવર, મેક્સિમ કાર્ડ, વિશેષ પ્રસંગે બહાર પડાતી બુકલેટ, 'માય સ્ટેમ્પ', સ્પેશિયલ કેન્સલેશન અને સ્પેશિયલ કવર સહિતની અનેકવિધ ટપાલ સામગ્રીનો ખજાનો છે.

પોતાના શોખ વિશે વાત કરતાં વિક્રમભાઈ જણાવે છે કે, ફિલાટેલી પ્રત્યેનો લગાવ એટલો ઊંડો છે કે, છેલ્લા ૪૨ વર્ષમાં આ શોખને જાળવવા માટે અનેક રૂપિયા ખર્ચ્યા છે. અમદાવાદ, રાજકોટ અને વડોદરા ખાતે આવેલા ફિલાટેલી બ્યુરોમાંથી સ્વખર્ચે દુર્લભ ટપાલ સામગ્રી ખરીદી છે તેમ છતાં ઉત્સાહ ઓછો થતો નથી. વિક્રમભાઈનું કહેવું છે કે, આજની પેઢીને ફિલાટેલી શું છે તેની પૂરતી જાણકારી નથી. યુવાનો અને વિદ્યાર્થીઓ આ શોખ તથા તેના મહત્વથી પરિચિત થાય તે હેતુથી જ તેમણે આ પ્રદર્શનીના આયોજનમાં સહયોગ આપ્યો હતો.

ફિલાટેલી માત્ર ટપાલ ટિકિટો એકત્રિત કરવાનો શોખ નથી, પરંતુ ઈતિહાસ, સંસ્કૃતિ, કલા અને રાષ્ટ્રીય વારસાને સમજવાનો એક અનોખો માર્ગ છે. વલસાડ હેડ પોસ્ટ ઓફિસ ખાતે યોજાયેલી આ પ્રદર્શનીએ વિક્રમભાઈ ચાંપાનેરીના વર્ષોના પરિશ્રમ અને ટપ લ ટિકિટો પ્રત્યેના સમર્પણને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાની તક પૂરી પાડી બીજી તરફ ''ફન વિથ ફિલાટેલી ડે''ની ઉજવણી દ્વારા એક મહત્વપૂર્ણ સંદેશ પણ આપવામાં આવ્યો કે, ટપાલ ટિકિટો માત્ર ભૂતકાળની યાદ નથી, પરંતુ આવનારી પેઢી માટે જ્ઞાન અને વારસાનો અમૂલ્ય ખજાનો છે.

### નવી પેઢીમાં જિજ્ઞાસા જગાવતી પ્રદર્શનીઃ ડે. પોસ્ટ માસ્ટર



વલસાડ હેડ પોસ્ટ ઓફિસના ડેપ્યુટી પોસ્ટ માસ્ટર મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, હાલમાં પોસ્ટલ વીકની ઉજવણી ચાલી રહી છે. ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તા. ૧૨ ઓક્ટોબરના રોજ 'ફન વિથ ફિલાટેલી ડે' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેના અનુસંધાને વિક્રમભાઈ ચાંપાનેરીના સહયોગથી વલસાડ હેડ પોસ્ટ ઓફિસ ખાતે ફિલાટેલી -દર્શનીનું આયોજન કરાયું હતું. આજની પેઢીને ફિલાટેલી શું છે અને તેનું ઐતિહાસિક, શૈક્ષણિક તથા સાંસ્કૃતિક મહત્વ શું છે તેની જાણકારી મળે તે માટે શહેરની વિવિધ શાળાઓને પ્રદર્શની નિહાળવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આમંત્રણના પગલે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પ્રદર્શનીની મુલાકાત લઈને વિવિધ ટપાલ ટિકિટો તથા ટપાલ સામગ્રી નિહાળી હતી.

### પોતાના ફોટા સાથે પણ 'માય સ્ટેમ્પ' બનાવી શકાય છે તે જાણીને આશ્ચર્ય થયું : વિદ્યાર્થિની

વલસાડની આવાબાઈ હાઈસ્કૂલની ધોરણ ૧૧ની વિદ્યાર્થિની સંજના શાહે જણાવ્યું કે, તેમણે પ્રથમ વખત ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા શરૂઆતથી અત્યાર સુધીમાં બહાર પાડવામાં આવેલી વિવિધ ટપાલ ટિકિટોનો આટલો સંગ્રહ નિહાળ્યો હતો. પોતાના ફોટા સાથે પણ 'માય સ્ટેમ્પ' બનાવી શકાય છે તે જાણીને ખૂબ આ?ર્ય થયું. આ પ્રદર્શનીના માધ્યમથી ઈતિહાસ જાણવાની તક મળી તેમજ ફિલાટેલી દિવસ શા માટે ઉજવવામાં આવે છે અને તેનું શું મહત્વ છે તેની પણ સમજ મળી હતી.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 14, October 2026

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

### મોંઘવારી, શિક્ષણ અને ખેડૂતોના પ્રશ્નો મુદ્દે

## પારડીમાં કોંગ્રેસની રેલી યોજાઈ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને વલસાડ જિલ્લા કિસાન સેલ સમિતિ આયોજિત કિસાન અધિકાર રેલી પારડી આવી પહોંચી હતી સર્વપ્રથમ પારડીના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યો હતો અને બાદમાં પારડી તાલુકાના વિવિધ ગામડાઓમાં કિસાન રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશનભાઈ પટેલ ઉપપ્રમુખ વસંતભાઈ પટેલ વાપી મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા ખડુભાઈ પટેલ પારડી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સતિષભાઈ પટેલ પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ કપિલભાઈ હળપતિ મહિલા મોરચાના પ્રમુખ જીનલબેન કિસાન મોરચાના હોદ્દેદારો તથા કાર્યકર્તા ભેગા થયા હતા કિસાન અધિકાર રેલીનોરથ મામલતદાર કચેરીમાં આવ્યા બાદ તમામ કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ રેલી કાઢી હતી રેલી કાઢીને ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સામે વિવિધ મુદ્દે પારડીના -ંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યો હતો મોંઘવારી શિક્ષણ કિસાન ના પ્રશ્ન માપણી ના પ્રશ્ન દાખલાના પ્રશ્ન કંપનીમાં રોજગારીના પ્રશ્ન વગેરે પ્રશ્નોમાં જનતા પીસાઈ રહી હોય એવા મુદ્દાઓ સાથે આવેદનપત્ર સરકારની સામે આપવામાં આવ્યો હતો. આવેદનપત્ર આપવા બાદ કિસાન અધિકાર રેલીને રવાના કરવામાં આવી હતી. રેલી પારડી ઉંમરસાડી પલસાણા ઉદવાડા ગામ થઈને ટૂંકવાડા અંબાચ મોટા વાઘચીપા વગેરે વિસ્તારોમાં પહોંચી હતી.

આ રેલી પારડી તાલુકાના ગામડામાં ત્રણ દિવસ ચાલી હતી અને પારડી શહેરમાં રેલી ફરી હતી મોંઘવારી સામે લડીએ સુશાસન લાવીએ એવા મુદ્દાઓ સાથે રેલી જનતા વચ્ચે જશે રહેલી ને સુંદર પ્રતિસાદ મળી રહ્યા હોવાનો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને ઉપપ્રમુખ બંને જણાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કોંગ્રેસ પરિવર્તન લાવશે એવો દાવો કર્યો હતો અને ભારતીય જનતા પાર્ટીની સરકાર સામે મોંઘવારી અને વિવિધ પ્રશ્નો અંગે આક્ષેપો કર્યા હતા.

## પારડી રેલવે સ્ટેશન પર સુવિધાઓનો અભાવ

**ગુજરાત એક્સપ્રેસ સહિતની ટ્રેનોના સ્ટોપેજની માંગ ● પ્લેટફોર્મ પર પુરતો શેડ, બેસવા માટે બાંકડાની પણ સુવિધા નથી**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** વલસાડ જિલ્લાનું મુખ્ય મથક અને બ્રિટિશ કાળથી ધમધમતું પારડી રેલ્વે સ્ટેશન આજે પ્રાથમિક સુવિધાઓથી વંચિત હોવાના કારણે સ્થાનિક મુસાફરો અને સ્થાનિક નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હાલમાં જ સ્થાનિક નાગરિકો અને અગ્રણીઓ દ્વારા રેલ્વે તંત્રને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે આ અંગે વરિષ્ઠ નાગરિક વનમાળી લાલભાઈ પટેલે જણાવ્યું કે પારડી રેલ્વે સ્ટેશન પર કોઈપણ જાતની સુવિધા નથી. નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો માટે ગાડીમાં બેસવું કે મુસાફરી કરવી ખૂબ જ તકલીફજનક બની ગઈ છે. અહીં પ્લેટફોર્મ પર પૂરતા શેડ નથી, બેસવા માટે બાંકડા પણ નથી. ઉનાળા કે ચોમાસામાં મુસાફરોને ભારે તકલીફ ભોગવવી પડે છે. ઉપરાંત, ટિકિટ બારી પ્લેટફોર્મ નંબર ૧ પર છે, જ્યારે ટ્રેનો પ્લેટફોર્મ ૨ અને ૩ પર ઊભી રહે છે. ત્યારે ટિકિટ લેવા માટે દોડવું ભયજનક અને પરેશાની ઉભી કરે છે. જેથી ટિકિટ બારી પ્લેટફોર્મ વચ્ચે અથવા અંડરગ્રાઉન્ડ સગવડ ઉભી કરવા માંગ કરી હતી. મુંબઈ કે સુરત અમદાવાદ તરફ જવા માટે મુસાફરોએ વાપી સુધી જવું પડે છે. પારડીમાં અતિ મહત્વની ટ્રેનો જેમ કે ગુજરાત એક્સપ્રેસ, ફ્લાઈંગ રાણી અને બરોડા ઈન્ટરસિટી જેવી ટ્રેનોના તાત્કાલિક સ્ટોપેજ આપવામાં આવે માંગ કરી હતી અત્રે ઉલ્લેખનીય છે કે, પારડીના સિનિયર એડવોકેટ કીર્તિ આર. રાજપૂત દ્વાર પત્ર લખીને આ બાબતે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા મુજબ, પારડી તાલુકામાં મામલતદાર ઓફિસ પ્રાંત ઓફિસ જ્યુડિશિયલ કોર્ટ, GIDC અને અનેક શિક્ષણ સંસ્થાઓ આવેલી છે. આસપાસના આદિવાસી વિસ્તારોમાંથી હજારો શ્રમિકો, વિદ્યાર્થીઓ અને વેપારીઓ દરરોજ મુસાફરી કરે છે. રેલ્વે સ્ટેશન પર પૂરતા પ્રમાણમાં પ્લેટફોર્મ શેડ બનાવવા, પ્લેટફોર્મ ૨ અને ૩ માટે વૈકલ્પિક ટિકિટ બારી ઊભી કરવા તેમજ ગુજરાત એક્સપ્રેસ બરોડા ઈન્ટરસિટી અને ફ્લાઈંગ રાણી જેવી ટ્રેનોના સ્ટોપેજ આપવાની માંગણીઓ બુલંદ બની છે.

## ઉદવાડા લાયન્સ કલબ દ્વારા કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** લાયન્સ ક્લબ ઓફ ઉદવાડા દ્વારા કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો હતો લાયન્સ ક્લબ ઓફ ઉદવાડા દ્વારા શાંતાબા સ્કૂલ ખાતે કેન્સર સ્ક્રીનીંગ અને જનરલ ચેક-અપ કેમ્પ ઝોન ચેરપર્સન લાયન અંજના પટેલના નેજા હેઠળ યોજાયો હતો જેમાં ૫૫ મહિલાઓએ ચેક-અપ કરાવ્યુ હતું આ પ્રસંગે સરપંચ અજયભાઈ પટેલ ડીસ્ટ્રીક્ટ ગવર્નર લાયન હેમલ પટેલ, વા.ડી.ગવર્નર લાયન પ્રિયંકાબેન, ડીજી સલાહકાર લાયન રામસિંહ દેસાઈ, ડી.સેક્રેટરી લાયન કિર્તી ખીલોસીયા, રી.ચેરમેન લાયન બીપીન પટેલ, ક્લબના સભ્યો, સ્કૂલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## પારડીના મચ્છી માર્કેટમાં ૧૫૦ મહિલાઓએ જાતે દબાણ હટાવ્યાં

**આધુનિક મચ્છી માર્કેટનું સપનું સાકાર થવાની આશા**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી નગરપાલિકા દ્વારા આધુનિક મચ્છી માર્કેટ બનાવવા માટે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે હાલ મચ્છી માર્કેટ બનાવવા પારડીના ધારાસભ્ય અને નાણામંત્રીએ ગ્રાન્ટ મંજૂર કરી આપતા આ કામગીરીને વેગ આપવામાં આવી રહ્યું છે ત્યારે મચ્છી નો વેચાણ કરતા સ્થાનિક બહેનો એ પોતે બનાવેલા ગેરકાયદેસર મંડપ પોતાની જાતે જ કાઢી નાખ્યા હતા જોકે નગરપાલિકાએ ડેમોનેશન કરવા માટે જીસીબી મોકલાવ્યો હતો પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ એ લાંબા સમયથી આધુનિક મચ્છી માર્કેટ બનાવવા માટે આવેલ લોકોની રજૂઆતના પગલે ગ્રાન્ટ મંજૂર કરી છે જે ગ્રાન્ટ મંજૂર થતા પારદો નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેન અને પ્રમુખ ચેતનભાઈ નાયકા સહિતની ટીમ દ્વારા આધુનિક મચ્છી માર્કેટ બનાવવા માટેની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. જે કામગીરીના પગલે પારડી પાલીકા એ જ્યાં મચ્છી માર્કેટ આધુનિક બનવા જઈ રહી છે ત્યાં ઝૂપડા બાંધીને દબાણ કરેલા સ્થાનિક બહેનોને જગ્યા ખાલી કરવા માટે સૂચના આપી અને દબાણ તોડવા માટે પોતાનું જીસીબી મોકલી આપ્યું હતું

પરંતુ સ્થાનિક બહેનો જેમણે દબાણ કર્યું હતું એવા ૧૦૦ થી ૧૫૦ જેટલી બહેનોએ પોતાની રીતે પોતાના દ્વારા કરવામાં આવેલ દબાણ દૂર કર્યો હતો જેથી હવે પારડી નગરપાલિકાનો રસ્તો સરળ થઈ ગયો છે.

પાલિકાના ચીફ ઓફિસર કોમલબેનના જણાવ્યા મુજબ પારડીના ધારાસભ્ય કનુભાઈએ જનતા ના હિતમાં મચ્છી માર્કેટ બનાવાની રજૂઆતના પગલે ગ્રાન્ટ મંજૂર કરી છે અને ટૂંક સમયમાં આધુનિક મચ્છી માર્કેટ બનાવવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવશે જેથી લોકોને રાહત મળશે અત્રે ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી મચ્છી માર્કેટ બનાવવા માટે ની ચર્ચા ચાલી રહી હતી પરંતુ બહેનોએ પોતે દબાણ કરેલી જગ્યા ખુલ્લી કરી આપતા હવે મચ્છી માર્કેટ બનાવવાનો રસ્તો પણ ખુલ્લો થઈ ગયો છે.

## રોહિણામાં અગરકર સાહિત્ય મંદિરનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના રોહીણા મુકામે ગ્રામ પંચાયત રોહિણા, રૅનબૉ વૉરિઅરના સંયુક્ત ઉપક્રમે અસૌ. શીલાબેન અગરકર સાહિત્ય મંદિર-પુસ્તકાલયનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો રોહીણા આશ્રમથી તૂર વાજીંત્રના તાલે જ્ઞાન યાત્રામાં મોટી સંખ્યામાં વાચકો, ગ્રામજનો, આગેવાનો, યુવાનો ખુબજ ઉત્સાહભેર જોડાયા હતા. ગામની બાળાઓ દ્વારા સૌ મહેમાનોને કુમકુમ તિલક કરી આવકાર્યા હતા. ત્યારબાદ દાતા અરુણભાઈ અગરકર, પ. પૂજ્ય કૈલાસગિરી મહારાજ, પૂ. ડૉ. નિતલ બાપુ, પાર્થિવ મહેતા તથા ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામા આવ્યું હતું. સૌ મહેમાનોને પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ગ્રામ પંચાયત રોહિણા દ્વારા ગામના નિવૃત તમામ કર્મચારીઓનું તથા દાતા- અગરકર પરિવારના સભ્યો, રૅનબૉ વૉરિઅરના સભ્યોનું શાલ ઓઢાડી, પુષ્પ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય કૈલાસગિરી મહારાજ, પૂજ્ય ડૉ. નીતલ બાપુ એ સાહિત્ય મંદિરનું મહત્વ સમજાવ્યું હતું તથા વાચકો ને ઉજ્જ્વળ ભવિષ્ય ના આશિષ પાઠવ્યા હતાં. દાતા અરુણભાઈ અગરકરે વાચકો ને જરૂરી તમામ સુવિધા આપવાની ખાતરી આપી હતી. પાર્થિવ મહેતાએ લાઈબ્રેરીની સાથે સાથે અંગદાન, દેહદાન, ચક્ષુ દાનનું મહત્વ સમજાવ્યું હતું તથા કન્યાઓના શિક્ષણ માટે ના પ્રયત્નો વિશે જણાવ્યું હતું. અગરકરના પરિવારજનો પુત્ર ચિ. સમીરભાઈ પુત્રવધુ વૃશાલી,જમાઈ રાજેશકુમાર, મહેશભાઈ ગરાસીયા આર.ટી.ઓ કચેરી વલસાડ, નિમેશભાઈ ગાંવિત (ના.ઑ.) ભાવિકા પટેલ, સુનિલભાઈ પટેલ, જુગલભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, કૈલાસભાઈ પટેલ, પ્રો ચંદ્રકાંત પટેલ, ભક્તિકાંત પટેલ, મયંક પટેલ- સરપંચ ખેરલાવ, સતીશભાઈ પટેલ- સરપંચ પાનવા , ગ્રામ પંચાયત રોહિણાના તમામ સભ્યો

ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, યોગેશભાઈ, હેમંતભાઈ, કૈલાસભાઈ, નિતેશભાઈ, સંદીપ, મુકેશભાઈ, પંકજ, મહેન્દ્ર, કનુભાઈ, રાજેશભાઈ, શશીભાઈ તથા ગ્રામ પંચાયત સભ્યો એ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ આયોજન - સંચાલન સરપંચ રવિન્દ્રભાઈ, પંચાયતના સભ્યો તથા કો. ઑ. શંકરભાઈ પટેલે કર્યું હતું.

## ઉદવાડા છાત્રાલયના વિદ્યાર્થીઓને અનાજ વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** ઉદવાડા છાત્રાલયના વનવાસી વિદ્યાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું શ્રી ઉદવાડા વિભાગ સાર્વ. કેળવણી મંડળ સંચાલિત શેઠ પી પી મિસ્ત્રી હાઈસ્કૂલમાં આ વર્ષથી વનવાસી બાળકોને શિક્ષણ મળી રહે એવા ઉમદા હેતુથી છાત્રાલય શરૂ કરવામાં આવ્યું છે, જેમાં સ્કૂલ સંકુલમાં રહીને બાળકો અભ્યાસ કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૩૨ વનવાસી બાળકો અહીં રહીને હાલમાં અભ્યાસ કરી રહ્યા છે જેનો સંપૂર્ણ ખર્ચ દાતાઓના સહયોગથી કરવામાં આવે છે.

શ્રતે અંતર્ગત લાયન્સ કલબ ઉદવાડા તરફથી અનાજ, કઠોળ,તેલ, ખાંડ, તુવરદળ તેમજ નાસ્તા માટે બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યુ. જેમાં બીપીનભાઈ, અંજનાબેન તેમજ શૈલેષભાઈ જરીવાલા, પુષ્પાબેન ઉપસ્થતિ રહ્યા હતા. સંસ્થાના ચેરમેન બળવંતભાઈ, આચાર્યા મનીષાબેન દીપકભાઈની સાથે વનવાસી બાળકોના ગૃહપતિ પ્રકાશભાઈ તેમજ તેમના પત્ની પણ હાજર રહી દાતાઓનો આભાર માન્યો હતો.

## રોહિણામાં ઉત્કૃષ્ટ સામાજિક કાર્યક્રમ યોજાયો

**અ.સૌ. શીલાબેન અગરકર સાહિત્ય મંદિર લાઈબ્રેરીનું ભવ્ય લોકાર્પણ કરાયું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના રોહિણા ગામે ગ્રામ પંચાયત અને રેમ્બો વોરિયર્સ ધરમપુર ટીમ દ્વારા એક ઉત્કૃષ્ટ સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અ.સૌ. શીલાબેન અગરકર સાહિત્ય મંદિર લાઈબ્રેરીનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લાઈબ્રેરીથી ગામના વિદ્યાર્થીઓ અને યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ વિવિધ ક્ષેત્રોના અભ્યાસ માટેનું ઉત્તમ સાહિત્ય ઉપલબ્ધ થશે. આ પ્રસંગે સરપંચ દ્વારા ગામના નિવૃત્ત સરકારી કર્મચારીઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ રિપનબેન પટેલ, પંચાયત સભ્યો નીલાબેન, શીતલબેન, પંકજભાઈ, ભરતભાઈ, શૈલેષભાઈ તેમજ કૈલાશ પુરી મહારાજ, ડો. નીતલ પટેલ, દાનદાતા અગરકર પરિવાર, રેમ્બો વોરિયર્સ ધરમપુર ટીમ, વગેરે ગામના ભાઈ-બહેનો, વડીલો, નિવૃત્ત કર્મચારીઓ તથા શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા નવસારીની સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ભાવિકા પટેલે આ લાઈબ્રેરીથી યુવાનો અને વિદ્યાર્થીઓનું કલ્યાણ થશે અને ગામનો વિકાસ આગળ ધપતો રહેશે તેવી શુભેચ્છા પાઠવી હતી. રોહીના ગામ ના સરપંચ રવિન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, રોહિણા ગામે અગરકર પરિવારના સૌજન્યથી સાહિત્ય મંદિર લાઈબ્રેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ડો. નીતલ પટેલે જણાવ્યું હતું કે સાહિત્ય મંદિરમાં ઉત્તમ પુસ્તકો રાખવા બદલ રેમ્બો વોરિયર્સ, ગ્રામ પંચાયત, સરપંચ અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ગામના વિદ્યાર્થીઓ આ સાહિત્ય મંદિરનો લાભ લઈ પોતાનું ઉજ્જવળ ભવિષ્ય બનાવે અને ગામનો વિકાસ કરે તેવી કામના કરી હતી.

## પારડી કુમારશાળામાં લાંબા સમય બાદ રંગતાળી નવરાત્રી ઉત્સવનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી કુમાર શાળામાં લાંબા સમય બાદ જય ઠાકર ગ્રુપ પારડી દ્વારા રંગતાળી ૨૦૨૬ નવરાત્રી ઉત્સવની પહેલા નોરતે ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી અહીં નવરાત્રી ઉત્સવની શરૂઆત વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જીતેશભાઈ પટેલ ના વરદ હસ્તે અંબા માતાજીનું પૂજન કરી આરતી કરી ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી ૧૦૮ દીવડાની આરતીમાં જય ઠાકર ગ્રુપના મુખ્ય સંચાલક જયસિંહ ભરવાડ માજી પ્રમુખ શરદભાઈ દેસાઈ જેનીલભાઈ દેસાઈ આશિત દેસાઈ ધર્મેશભાઈ મોદી રાજેશભાઈ પટેલ મેહુલભાઈ ભરવાડ સાથે અન્ય મહાનુભાવો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.આ ઉત્સવની શરૂઆત માં ખાસ બાબતે હતી કે, પારડી સ્વાધ્યાય મંડળના સંસ્કૃત વિદ્યાલયના આચાર્ય પરેશભાઈ ભાવેશભાઈ પાર્થ ભાઈ અને ઋષિ કુમારો એ સામૂહિક સંસ્કૃત વૈદિક મંત્રોચ્ચાર કરી માતાજીનું ભવ્ય પૂજન અને આરતી કરાવી હતી આશ્રમશાળા ના બાળકો સહિત નાના ભૂલકાઓ આરતીમાં જોડાયા હતા. આરતી થયા બાદ શૈલેષભાઈના મ્યુઝિકલ ભક્તિમય સંગીતની ધૂન સાથે માતાજીના ગરબા સાથે ખેલૈયાઓ અને પારડી વાસીઓ મોટી સંખ્યામાં જુમી ઉઠ્યા હતા લાંબા સમય બાદ પારડીમાં રંગતાળી નવરાત્રી ઉત્સવની શરૂઆત કરવામાં આવતા ભક્તો માનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભક્તોનો ઘસારો પહેલા દિવસથી જ જોવા મળ્યો હતો પારડી ના પોલીસ ઈન્સ્પેક્ટર વાય બી ગોહિલ પીએસઆઈ રાઠોડ પોલીસ કર્મીઓએ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો અને પારડી ચાર રસ્તા પાસે ચોક્કસ તપાસના ધરવામાં આવી હતી.

## પારડી પંથકમાં ઠેર ઠેર મંડળો દ્વારા નવસારાત્રી પર્વની ઉત્સાહભેર ઉજવણીનો પ્રારંભ



શેરી ગરબા, દમણીઝાંપા તુલસી ક્યારા, પારડી



જળદેવી માતા મંદિર, સરદાર ભીલાડવાલા બેંક, પારડી



શેરી ગરબા દમણીઝાંપા, પારડી



રંગતાળી કુમારશાળા, પારડી



શેરી ગરબા, વાણીયાવાડ, પારડી



ભંડારવાડ, ચાર રસ્તા, પારડી



શેરી ગરબા, રાણા સ્ટ્રીટ, પારડી



શેરી ગરબા, રાણા સ્ટ્રીટ, પારડી

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 14, October 2026


## ઈન્ડિ મોરચાની કૂચ, સી.જે.આઈ.ની સ્પષ્ટ વાત

'ચલો દિલ્હી' નો નારો લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આપીને સપ્રીમ કોર્ટના પરિસર સુધી કૂચ લઈ જવાનો કાર્યક્રમ તો આપ્યો, પરંતુ દેશના મુખ્ય ન્યાયાધીશે જે પ્રત્યુત્તર કૂચકર્મી કોંગ્રેસીઓને આપ્યો તેના ઉપરથી એમ લાગ્યું કે કોંગ્રેસે આ કાર્યક્રમ જાહેર કરવામાં થોડી ઉતાવળ કરી નાખી. જો કે, કોંગ્રેસની સોમવારની કૂચનું જે સ્વરૂપ હતું તેવું નજીકના ભૂતકાળમાં કોઈ પણ પક્ષના રાજકીય કાર્યક્રમમાં જોવા મળ્યું નથી. ચીફ જસ્ટિસને આવેદનપત્ર આપવાનું ન હોય તે મુદ્દે રાહુલ ગાંધીની ટીકા થઈ રહી છે, પરંતુ કોર્ટને આપવાની અરજી તો કોંગ્રેસ અને અન્ય પક્ષોએ પહોંચાડી જ દીધી હતી. સર્વોચ્ચ અદાલત સુધી વિશાળ મોરચો લઈને તેઓ ગયા તેની પાછળનો ઉદ્દેશ રાજકીય શક્તિ પ્રદર્શનનો જ હોય શકે. સોમવારે કોર્ટમાં સીજેઆઈને મળવા ગયેલા કોંગ્રેસીઓને ચીફ જસ્ટિસે સમય જ ફાળવ્યો નહીં. અહીં ન્યાયના અધિકારનો ઈનકાર મુખ્ય ન્યાયાધીશે નથી કર્યો, પરંતુ આ પદ્ધતિની યોગ્યતા અંગે પ્રતિભાવ આપ્યો છે. શનિવારે જંતર-મંતર ખાતે વિરાટ પ્રદર્શન થયા બાદ રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસી નેતાઓએ સર્વોચ્ચ અદાલત સુધી કૂચ લઈ જઈને ચીફ જસ્ટિસ સૂર્યકાન્તને મળવાનું આહ્વાન કાર્યકર્તાઓને-લોકોને આપ્યું હતું. ચીફ જસ્ટિસે તેમને સમય ન ફાળવ્યો તેની પાછળ કોઈ તર્ક નહીં, પરંતુ સ્પષ્ટ કાનૂની કારણ અને જોગવાઈ છે. પ્રથમ તો એ કે જજ એ ફરિયાદ સાંભળનારી વ્યવસ્થા નથી, થયેલી ફરિયાદો-અરજીઓ કે નોંધાયેલા ગુના સંદર્ભે કાનૂનના પરિઘમાં રહીને ન્યાય તોળનાર પરંપરા છે. કોર્ટે આવેદનપત્ર સ્વીકારવાની ના પાડી હતી, પરંતુ વિપક્ષી સંગઠને એસઆઈઆર-ચૂંટણી કમિશનર સંદર્ભની કાનૂની અરજી તો આપી જ દીધી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું ચૂંટણી કમિશનર અંગે તેમની પાસે અગાઉથી જ અરજીઓ પડી છે જે વિચારાધીન છે. કાયદાની પરિભાષામાં તે સબ જ્યુડીશ મેટર છે અને તેથી તેના માટેની કોઈ સંગઠન-પક્ષની અરજી તેઓ લઈ શકે નહીં. તેમણે કહ્યું વિપક્ષનો પત્ર તેમને રવિવારે મળ્યો તેનો જવાબ રાત્રે જ અપાઈ ગયો હતો. સર્વોચ્ચ અદાલતના દ્વાર સૌ કોઈ માટે ખુલ્લાં છે. કોઈ સામાન્ય નાગરિક કે જનપ્રતિનિધિ અરજી કરી શકે છે. બંધારણીય વ્યવસ્થા અંતર્ગત કોર્ટ વહીવટી સ્તરે આવી ફરિયાદ પ્રત્યક્ષ લઈ શકે પણ નહીં, ન્યાયિક પ્રક્રિયાની રીતે જ આ થઈ શકે. પર્યાવરણથી લઈને ચૂંટણીના ફેરમતદાન કે અન્ય કોઈ પણ બાબતે પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન થઈ શકે, આવેદન આપી શકાય નહીં. સામાન્ય સ્તરે પણ સબ જ્યુડીશ મેટર હોય તેના માટે ક્યારેય આવેદન ન હોય. વહીવટીતંત્ર સરકારનો વિષય છે, તેની રોજિંદી બાબતોમાં કોર્ટ આવેદનપત્ર સ્વીકારે નહીં. સરકાર સામે, સરકારની નીતિ સામે તેના અમલ સામે વાંધો હોય તો નાગરિકથી લઈને નેતા સુધી કોઈ પણ વ્યક્તિ કોઈ અદાલતમાં જઈ શકે. ક્યારેય સર્વોચ્ચ અદાલત કે જિલ્લા ન્યાયાલયમાં રાજકીય નેતા આવેદનપત્ર આપવા ગયા હોય તેવું ક્યારેય બન્યું છે? આવો સવાલ ઊઠી રહ્યો છે, પરંતુ કોંગ્રેસની પ્રેસ કોન્ફરન્સ બાદ એ સ્પષ્ટ થયું હતું કે, કાનૂની પ્રક્રિયા થઈ ગઈ તે પછી આ કૂચ થઈ હતી. કોંગ્રેસની સ્થિતિ દેશમાં નબળી હોવા છતાં રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી અત્યારે એસઆઈઆર અને ચૂંટણી કમિશનર મુદ્દે આક્રમક દેખાઈ રહ્યા છે. જેન-ઝીનો પણ તેમને સાથ છે, તેમણે આ આંદોલનને પરિણામ સુધી લઈ જવા હશે, તો કોઈ પણ કાર્યક્રમ આપતાં પહેલાં, કોઈ નિર્ણય લેતાં પહેલાં તેના પ્રતિભાવ-પ્રત્યાઘાત શું આવી શકે તે વિચારવું પડશે. કોઈ આહ્વાન બૂમરેંગ સાબિત ન થાય તે તેમણે જોવું પડશે. એક અવિચારી પગલું તેમના પરિશ્રમ ઉપર પાણી ફેરવી શકે છે. અત્યારે દેશમાં એક વાતાવરણ ઊભું થયું છે, ચૂંટણી કમિશનરવાળો મુદ્દો પ્રજાએ પણ ગંભીરતાથી કાને ધર્યો છે, ત્યારે આંદોલનકર્તા કોઈ પણ હોય, તેમના ગાંભીર્યની પણ અપેક્ષા છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ કે અન્ય કોઈ જજને આવેદનપત્ર આપવાનું હોતું નથી તે મુદ્દે સોશિયલ મીડિયા ઉપર પણ આખો દિવસ ચર્ચા હતી અને તે સાચી જ હતી સામે કોંગ્રેસની સોમવારની કૂચ પણ નોંધપાત્ર તો છે જ.

# રાહુલ ગાંધીની ચા-બેઠકમાં INDIA ગઠબંધન એકજૂથ



નવી દિલ્હી : ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે જોડાયેલા મુદ્દે કેન્દ્ર સરકાર પર દબાણ વધારવા માટે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે નવી દિલ્હીમાં પોતાના નિવાસસ્થાને INDIA ગઠબંધનના નેતાઓ, વિપક્ષી સાંસદો, વિદ્યાર્થી સંગઠનો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓ માટે હાઈ-ટીનું આયોજન કર્યું હતું. બેઠકનો હેતુ વિવિધ સંગઠનોના વિરોધ 'રાજકીય અને જનતાનો વિરોધ ચાલુ રહેશે' દર્શનોને એક મંચ પર લાવી લોકશાહીની રક્ષા માટે સંયુક્ત લડતને મજબૂત કરવાનો હતો.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે લોકશાહીની રક્ષા માટેની આ જનઆંદોલન જેવી લડતમાં તમામ પક્ષો અને સંગઠનો સાથે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે વિરોધની 'રાજકીય અને જનતાનો વિરોધ ચાલુ રહેશે' વૃત્તિઓ અલગ-અલગ નહીં, પરંતુ એકસાથે આગળ વધશે. 'તમામ વિરોધ એક છે. એકતા' એવો સંદેશ પણ તેમણે આપ્યો હતો.

'અલગ-અલગ નહીં, એક જ વિરોધ -દર્શન' બેઠક બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધી સાથે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતા સંજય રાઉત, તૃણમૂલ કોંગ્રેસનાં સાંસદ સાગરિકા ઘોષ અને ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિયેશન (AISA)નાં નેહા બોરા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે વિપક્ષની લડત દેશમાં લોકશાહી પ્રક્રિયાઓ અને લોકશાહી શાસનની પુનઃસ્થાપના માટે છે. તેમણે કહ્યું કે સરકાર દ્વારા જંતર-મંતર પર લોકશાહી રીતે વિરોધ વ્યક્ત કરવાની જગ્યા મર્યાદિત કરવામાં આવી રહી હોવાનો મુદ્દો ઉઠાવીને વિપક્ષ આ નિર્ણયને પડકારશે.

તેમણે વધુમાં કહ્યું કે જ્ઞાનેશ કુમાર અને અન્ય સંબંધિત લોકોને સમજવું પડશે કે તેમની સામે સવાલો વધી રહ્યા છે. રાજકીય પક્ષોનો વિરોધ જ નહીં, પરંતુ સામાન્ય લોકોનો અવાજ પણ આ લડતનો ભાગ છે. લોકશાહી પ્રક્રિયાઓ પુનઃસ્થાપિત કરવા માટે અંત સુધી સંઘર્ષ ચાલુ રહેશે અને રાજકીય તેમજ જનતાનો વિરોધ આગળ વધશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ બેઠકના એક દિવસ પહેલાં રાહુલ ગાંધી સહિત વિપક્ષી નેતાઓ અને વિદ્યાર્થી સંગઠનોના પ્રતિનિધિઓએ 'માર્ચ ફોર ડેમોક્રસી' યોજી હતી. આ માર્ચમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ, તૃણમૂલ કોંગ્રેસનાં નેતા મમતા બેનર્જી, RJDના તેજસ્વી યાદવ, CPIના ડી. રાજા, CPI(M)ના એમ.એ. બેબી અને NCP-SPનાં સુપ્રિયા સુળે સહિતના નેતાઓ જોડાયા હતા. રાહુલ ગાંધી અને અન્ય અરજદારો દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં ભારતના ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તથા અન્ય ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. અરજીમાં મતદાર યાદીઓની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા અંતર્ગત લેવાયેલા નિર્ણયો અને સંબંધિત દસ્તાવેજોની તપાસ કવાની માગ કરવામાં આવી છે. નવા મતદારોની નોંધણી માટેના ફોર્મ-૬માં કરાયેલા ફેરફારો પાછા ખેંચવા તેમજ સમગ્ર પ્રક્રિયાનું સ્વતંત્ર ઓડિટ કરાવવાની માગ પણ કરવામાં આવી છે.

વિપક્ષે આ મુદ્દે એકજૂથ રહીને લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. હવે આ મુદ્દે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ તરફથી શું પ્રતિક્રિયા આવે છે તથા કાનૂની પ્રક્રિયા કઈ દિશામાં આગળ વધે છે તેના પર સૌની નજર રહેશે.

## દિવાળી સુધી UPI ટ્રાન્ઝેક્શન પર કોઈ ચાર્જ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૩:તહેવારોની મોસમમાં વેપારીઓને રાહત આપવા માટે કેન્દ્ર સરકારે UPI ટ્રાન્ઝેક્શન પર લાગુ થનારા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) અંગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનારા MDR ચાર્જને અમુક પસંદગીના UPI પેમેન્ટ માટે દિવાળી પછી સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. આ નિર્ણયથી તહેવારો દરમિયાન ડિજિટલ પેમેન્ટ કરતા વેપારીઓને રાહત મળી શકે છે. સરકાર દ્વારા અગાઉ ૨,૦૦૦ રૂપિયાથી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર૦.૪૦ટકા MDR ચાર્જ નક્કી કરવામાં આવ્યો હતો. આ ચાર્જ ૧૫ ઓક્ટોબરથી લાગુ થવાનો હતો. જોકે, તહેવારોની ખરીદી અને વેપારને ધ્યાનમાં રાખીને UPI એન્ડ સર્વિસિસ સ્ટિયરિંગ કમિટીએ પસંદગીના ટ્રાન્ઝેક્શન માટે અમલની તારીખ આગળ ધપાવવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય હેઠળ પસંદગીના પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) UPI ટ્રાન્ઝેક્શન પર ૧૫ ઓક્ટોબરથી MDR ચાર્જ વસૂલવામાં નહીં આવે. હવે આ ચાર્જ દિવાળી પછી લાગુ કરવામાં આવશે. જોકે, નવી તારીખ અંગે અલગથી જાહેરાત કરવામાં આવશે. P2M ટ્રાન્ઝેક્શન એટલે ગ્રાહક દ્વારા દુકાનદાર, વેપારી કે અન્ય વ્યવસાયિક એકમને કરવામાં આવતી ચુકવણી. આવા પેમેન્ટનો ઉપયોગ દુકાનો, બજારો અને અન્ય વ્યવસાયોમાં ડિજિટલ રીતે નાણાં ચૂકવવા માટે થાય છે.

MDR એટલે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ. આ વેપારી દ્વારા ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા માટે લાગતો ચાર્જ છે. ૨,૦૦૦ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન પર નક્કી કરાયેલા ૦.૪૦ ટકા દર પ્રમાણે, ૧૦,૦૦૦ રૂપિયાની ચુકવણી પર ચાર્જની ગણતરી ૪૦ રૂપિયા થાય છે. જોકે, આ ચાર્જ આખરે કોણે અને કઈ શરતો હેઠળ ચૂકવવાનો રહેશે તે લાગુ નિયમો પર આધારિત ર

હેશે. હાલના નિર્ણયમાં રાહત માત્ર પસંદગીના P2M ટ્રાન્ઝેક્શન માટે છે. તેથી તમામ UPI પેમેન્ટ પર MDR ચાર્જ મુલતવી રાખવામાં આવ્યો છે એવું માનવું યોગ્ય નથી. કયા ટ્રાન્ઝેક્શનને આ રાહત મળશે અને નવી તારીખ કઈ હશે તે અંગેની સત્તાવાર સ્પષ્ટતા મહત્ત્વની રહેશે.

## મસ્કને ઝટકો : સ્ટારલિંક ભારતની સુરક્ષા માટે ખતરો હોવાનો દાવો

**સ્વદેશી જાગરણ મંચે રાષ્ટ્રીય સુરક્ષા, ડેટાની ગોપનીયતા અને કાયદો-વ્યવસ્થાની ચિંતાઓને આધારે કેન્દ્ર સરકારને કંપનીને મંજૂરી ન આપવાની અપીલ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૩

દુનિયાના અગ્રણી ઉદ્યોગપતિ એલોન મસ્કની સેટેલાઇટ ઈન્ટરનેટ કંપની સ્ટારલિંક ભારતમાં પ્રવેશને લઈને વિવાદમાં ફસાઈ છે. કંપનીને ભારતમાં વ્યાપારી સેવાઓ શરૂ કરવા માટે જરૂરી મંજૂરીઓ મળવાની પ્રક્રિયા વચ્ચે હવે સ્વદેશી જાગરણ મંચે તેનો વિરોધ કર્યો છે. સંગઠનનું કહેવું છે કે સ્ટારલિંકની ટેકનોલોજી અને ડેટા વ્યવસ્થાપન દેશની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ચિંતાઓ ઊભી કરી શકે છે. આથી કેન્દ્ર સરકારે કંપનીને મંજૂરી આપતા પહેલાં સુરક્ષા અને નિયમન સંબંધિત તમામ પાસાઓની કડક તપાસ કરવી જોઈએ.આ વિવાદ ત્યારે વધુ ચર્ચામાં આવ્યો જ્યારે એલોન મસ્કે ભારતમાં સ્ટારલિંકને મંજૂરી મળવા અંગે સવાલો ઉઠાવ્યા હતા. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ તેમની ટિપ્પણીને રીટ્વિટ કરતાં રાજકીય ચર્ચા તેજ બની હતી. ત્યારબાદ ભાજપે વિદેશી ઉદ્યોગપતિઓના મુદ્દે રાહુલ ગાંધીના વલણની ટીકા કરી હતી. હવે સ્વદેશી જાગરણ મંચના નિવેદનથી આ મુદ્દે રાષ્ટ્રીય સુરક્ષા અને સ્વદેશી નીતિઓ અંગેની ચર્ચા વધુ તીવ્ર બની છે.

સ્વદેશી જાગરણ મંચે મસ્કની ટીકા કરતાં જણાવ્યું છે કે કોઈપણ વિદેશી કંપનીએ ભારતમાં વ્યવસાય કરવા માટે દેશના કાયદા અને નિયમોનું પાલન કરવું જરૂરી છે. સંગઠનના મતે,

જો સ્ટારલિંકને તેની અરજી અંગે કોઈ વાંધો હોય તો તેણે યોગ્ય નિયમનકારી મંચ સમક્ષ રજૂઆત કરવી જોઈએ, તેના બદલે જાહેર નિવેદનો દ્વારા દબાણ ઊભું કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

સંગઠનનું માનવું છે કે લાઈસન્સ મેળવવાની પ્રક્રિયામાં સુરક્ષા સંબંધિત શરતોનું પાલન સર્વોપરી હોવું જોઈએ. જોકે, મસ્કનો હેતુ નિયમોનું પાલન કર્યા વિના મંજૂરી મેળવવાનો છે એવો દાવો સંગઠનનો આક્ષેપ છે; તેને સ્વતંત્ર રીતે સાબિત થયેલી હકીકત તરીકે જોવો યોગ્ય નથી.

સ્વદેશી જાગરણ મંચે સ્ટારલિંકના ડેટા વ્યવસ્થાપન અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. સંગઠનના જણાવ્યા અનુસાર, સેટેલાઈટ નેટવર્ક દ્વારા એકત્રિત થતો ડેટા ભારતની

બહાર આવેલા સર્વરો સુધી પહોંચે તો તેની સુરક્ષા, ગોપનીયતા અને સરકારી દેખરેખ અંગે પડકારો ઊભા થઈ શકે છે.

## મોદી વિશેની ટિપ્પણી મામલે રાફેલ કેસમાં રાહુલ ગાંધીને સુપ્રીમમાંથી રાહત

(જી.એન.એસ) તા. ૧૩

નવી દિલ્હી, સુપ્રીમ કોર્ટે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને રાહત આપતા, ૨૦૧૮ના રાફેલ ફાઈટર જેટ સોદા અંગેના વિવાદ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશેની કથિત ટિપ્પણીઓને લગતા માનહાનિના કેસમાં તેમની સામેની ટ્રાયલ (ન્યાયિક કાર્યવાહી) પર રોક લગાવી દીધી છે.ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ અપ્રેશ કુમાર સિંહની બનેલી બેન્ચે ગાંધીની અરજી પર નોટિસ જારી કરી અને પ્રતિવાદીઓને ચાર અઠવાડિયાની અંદર તેમના જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટના આ આદેશને કારણે નીચલી કોર્ટમાં ચાલી રહેલી ટ્રાયલ હાલ પૂરતી સ્થગિત થઈ ગઈ છે.આ કેસ ૨૦૧૮માં રાફેલ ફાઈટર એરક્રાફ્ટ સોદા અંગેની રાજકીય ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદી વિરુદ્ધ ગાંધીની કથિત ટિપ્પણીઓ સાથે સંબંધિત છે. આ વિવાદ અંગે વડાપ્રધાન પર નિશાન સાધતી વખતે

ગાંધીએ કથિત રીતે "કમાન્ડર-ઈન-થીફ" (ચોરોનો સેનાપતિ) અને "ચીફ ઓફ થીવ્સ" (ચોરોનો સરદાર) જેવા શબ્દપ્રયોગો કર્યા હતા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ, નીચલી કોર્ટમાં માનહાનિના કેસની કાર્યવાહી આગામી સૂચના સુધી સ્થગિત રહેશે. સર્વોચ્ચ અદાલતે આ મામલે આગામી સુનાવણી ચાર અઠવાડિયા પછી નક્કી કરી છે.૮ સપ્ટેમ્બરના રોજ, બોમ્બે હાઈકોર્ટે માનહાનિના કેસના સંબંધમાં ૨૦૧૯માં રાહુલ ગાંધીને જારી કરાયેલા સમન્સને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે તેમની એ અરજી ફગાવી દીધી હતી જેમાં તેમણે ૨૮ ઓગસ્ટ, ૨૦૧૯ના ગિરગાંવ મેજિસ્ટ્રેટના આદેશને પડકાર્યો હતો; આ આદેશ શ્રીશ્રીમલ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે ગાંધી વિરુદ્ધ કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવાનો નિર્દેશ આપતો હતો.

## વિશ્વના ૭ દેશોમાં જનઆક્રોશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૩

દુનિયાના અનેક દેશોમાં અલગ-અલગ મુદ્દાઓને લઈને લોકો વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. ક્યાંક ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદીના સુધારા સામે સવાલો ઊઠ્યા છે, તો ક્યાંક રાજકીય ધરપકડ, શિક્ષણ વ્યવસ્થા, મોંઘાં મકાનો અને જાહેર સેવાઓને લગતી સમસ્યાઓ લોકોના અસંતોષનું કારણ બની છે. ઑક્ટોબર ૨૦૨૬ દરમિયાન ભારત, પાકિસ્તાન, ફ્રાન્સ, સ્પેન, બ્રિટન અને ચિલીમાં વિરોધ પ્રદર્શનોના અહેવાલો સામે આવ્યા છે. ઈઝરાયલમાં પણ સરકારની નીતિઓ અને સુરક્ષાના મુદ્દાઓને લઈને વિરોધની ચર્ચા રહી છે. જોકે, આ તમામ દેશોમાં થયેલી ઘટનાઓની વિગતો અને સમયગાળાની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે.ભારતમાં મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR) અને ચૂંટણી પંચની કામગીરીને લઈને રાજકીય વિવાદ જોવા મળી રહ્યો છે. વિપક્ષી પક્ષોએ મતદાર યાદીમાં ફેરફારોની પ્રક્રિયા અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમની મુખ્ય માગ છે કે લાયક મતદારોનાં નામ ભૂલથી દૂર

ન થાય અને મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય. અહેવાલ અનુસાર, ૧૨ ઑક્ટોબરે દિલ્હીમાં વિપક્ષી નેતાઓએ સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને આ મુદ્દે તપાસની માગ કરી હતી. જોકે, આ ચોક્કસ ઘટનાની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી.

પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિ અને તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના નેતાઓ સામેની કાર્યવાહી રાજકીય ચર્ચાના કેન્દ્રમાં છે. ઈમરાન

ખાનના સમર્થકો તેમની સામે ચાલી રહેલી કાનૂની કાર્યવાહી અને પક્ષના નેતાઓ પરના પ્રતિબંધોનો વિરોધ કરતા રહ્યા છે. અહેવાલમાં ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં કટોકટી લાગુ કરાયા બાદ કેટલાક નેતાઓની અટકાયતનો ઉલ્લેખ છે.

## કેન્દ્રીય મંત્રી એલ.મુરુગને મોદી કેબિનેટમાંથી રાજીનામુ આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

તમિલનાડુ,તા.૧૩ : કેન્દ્રીય માહિતી અને પ્રસારણ તેમજ સંસદીય કાર્ય રાજ્યમંત્રી એલ. મુરુગને મંત્રી કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું છે. આ સાથે તેમણે રાજ્યસભાની સદસ્યતા છોડવાની પણ મંજૂરી માંગી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોકલેલા પત્રમાં તેમણે મંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે અને જણાવ્યું છે કે, તેઓ હવે તમિલનાડુમાં સંગઠનને મજબૂત કરવા સંપૂર્ણ સમય ફાળવવા માંગે છે.એલ. મુરુગને પત્રમાં સ્પષ્ટતા કરી છે કે, તેમનો મુખ્ય હેતુ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં તમિલનાડુમાં પક્ષનો પાયો વધુ મજબૂત કરવાનો છે. તેમણે પત્રમાં લખ્યું કે, 'હું દરેક ગામ અને શેરીઓમાં જવા માંગુ છું, લોકો સાથે

મુલાકાત કરવા માંગુ છું, અમારા કાર્યકરોની સાથે ઊભા રહીને રાજ્યના ખૂણે-ખૂણે પક્ષની પહોંચ વધારવા માંગુ છું. તેથી મને રાજ્યમંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત કરી રાજ્યસભા છોડવાની પરવાનગી આપો.'પોતાના પારિવારિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતાં મુરુગને જણાવ્યું કે, તેમના માતા-પિતા ખેતમજૂર અને પશુપાલક રહ્યા છે અને આજે પણ ગામમાં સાદું જીવન જીવે છે. તેમણે પત્રમાં લખ્યું કે, 'દૈનિક મજૂરી કરતા પરિવારમાંથી આવીને વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળમાં કામ કરવાની તક મળવી એ મારા જીવનનું સૌથી મોટું સૌભાગ્ય રહ્યું છે. રાષ્ટ્ર પ્રથમ, પક્ષ પછી અને પોતે સૌથી છેલ્લે એ સિદ્ધાંત સાથે હવે હું ફરીથી જમીની સ્તરે કામ કરવા પરત ફરી રહ્યો છું.'

## જંતર-મંતર નજીક ભારે હોબાળો

**દિલ્હી પોલીસે CJP નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાની અટકાયત કરી**

(જી.એન.એસ) તા. ૧૩

નવી દિલ્હી,'જૈંઇ' વિવાદને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવા ગયેલા 'કોકરોચ જનતા પાર્ટી' (ઝત્ન)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાની મંગળવારે સવારે દિલ્હી પોલીસે અટકાયત કરી હતી. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે દિલ્હી પોલીસે કાયદો અને વ્યવસ્થાના મ

ુદ્દાઓને ટાંકીને કોઈપણ પક્ષ કે સંગઠનને જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે અને આ સ્થળને "નિર્ધારિત વિરોધ સ્થળ" ની યાદીમાંથી પણ દૂર કર્યું છે.

આ બંને નેતાઓ અન્ય લોકો સાથે મળીને, ભારે સુરક્ષા વ્યવસ્થાને છુપાઈને પાર કરી, ત્નઢેંની રાષ્ટ્રીય કચેરી તરફના રસ્તેથી તે સ્થળમાં પ્રવેશવામાં સફળ રહ્યા હતા.

આ ઘટનાનો વીડિયો શેર કરતા ઝત્નના સ્થાપક અભિજીત દીપકેએ કહ્યું, "ત્રિરંગા સાથેના 'કોકરોચ' (ઝત્ન કાર્યકરો) મંગળવારે વહેલી સવારે જંતર-મંતરમાં ઘૂસી ગયા હતા અને બાદમાં દિલ્હી પોલીસે તેમને પકડી લીધા હતા."

વીડિયોમાં દાસ, રંકા અને અન્ય લોકો ત્નઢેં ઓફિસના ગેટ પરથી કૂદીને જંતર-મંતરના પરિસરમાં પ્રવેશતા અ

ને ત્રિરંગો લહેરાવતા તેમજ "ભારત માતા કી જય" અને "જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે"ના નારા લગાવતા જોવા મળ્યા હતા.

વીડિયોમાં ઝત્નના નેતાઓ રંકા અને દાસ, કેટલાક સ્વયંસેવકો સાથે, હાથમાં ત્રિરંગો લઈને ગેટ ઓળંગીને વિરોધ પ્રદર્શન કરવા માટે તે વિસ્તારમાં પ્રવેશતા જોઈ શકાય છે. જ્યારે ત્યાં તૈનાત પોલીસકર્મીઓએ તેમનો પીછો કર્યો ત્યારે વિરોધ પ્રદર્શન કરનારાઓએ "ભારત માતા કી જય" અને "જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે"ના નારા લગાવ્યા હતા. તેમને રોકવાનો પ્રયાસ કરી રહેલી પોલીસ સાથે તેમની ટૂંકી ઝપાઝપી પણ થઈ હતી. ત્યારબાદ વિરોધ પ્રદર્શન કરનારાઓની અટકાયત કરવામાં આવી હતી અને તેમને ત્યાંથી લઈ જવામાં આવ્યા હતા.

જંતર-મંતરને નિર્ધારિત વિરોધ સ્થળ તરીકેની માન્યતા રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતા

દીપકેએ પોસ્ટમાં લખ્યું, "પ્રતિરોધ (વિરોધ)ને 'ડી-નોટિફાય' (માન્યતા રદ) કરી શકાતો નથી."

પોલીસ આ ઘટનાના સંબંધમાં પ્રાથમિક માહિતી અહેવાલ (હ્લૈંઇ) પણ નોંધી શકે છે, જોકે કેસ દાખલ કરવામાં આવ્યો છે કે કેમ તે અંગે તાત્કાલિક સ્પષ્ટતા થઈ શકી નથી.

## પંજાબમાંના એક્ટિવિસ્ટ પરવિન્દર ઝોટાની ગોળી મારી હત્યા!

(સંપૂર્ણ સમાચાર સેવા)

પંજાબ,તા.૧૩:પંજાબના માનસા જિલ્લામાં સોમવારે સવારે એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. નશા વિરોધી અભિયાન ચલાવનાર એન્ટિ-ડ્રગ એક્ટિવિસ્ટ પરવિન્દર જોટાની એક મેડિકલ સ્ટોરના માલિક દ્વારા જાહેરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આ સમગ્ર ઘટના કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, પરવિન્દર જોટા સોમવારે સવારે એક મેડિકલ સ્ટોર પર ગયા હતા અને ત્યા

ંના માલિક પર એક વ્યક્તિને ગેરકાયદેસર રીતે નશીલી દવાઓ વેચવાનો આરોપ લગાવ્યો હતો. વાઈરલ વીડિયોમાં જોટા કેમિસ્ટ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની વાત કરતા નજરે પડે છે. આ મામલે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો વધુ બગડ્યો હતો.

વિવાદ વધતા જ દુકાનદારે પોતાની પાસે રહેલી બંદૂક કાઢીને પરવિન્દર જોટા પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. અનેક ગોળીઓ જોટાને વાગી હતી.

## દમણગંગા ટાઇમ્સ CORPORATE NEWS

### ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસીસ લિમિટેડનો આઈપીઓ ખુલશે

**સુરત, તા. ૧૩ :** ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિમિટેડ તેના રૂ.૧ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ ગુરૂવાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ખોલવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ, આઈપીઓ ખુલવાના કામકાજના એક દિવસ પહેલાં એટલે કે બુધવાર, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. બિડીંગ અને ઓફર સોમવાર, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઈક્વિટી શેર BSE" અને "NSE" પર લિસ્ટ કરવાની યોજના છે. આ ઈશ્યૂ માટે એનએસઈ લિમિટેડને ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ તરીકે નિયુક્ત કરવામાં આવશે. આઈપીઓ માટે પ્રતિ ઈક્વિટી શેરનો પ્રાઇઝ બેન્ડ રૂ.૧૪૩ થી રૂ.૧૫૧ નક્કી કરવામાં આવ્યો છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. રોકાણકારો ઓછામાં ઓછા ૯૯ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૯૯ શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.

### સમિટ SIFએ સમિટ એક્ટિવ એસેટ એલોકેટર લોંગ-શોર્ટ ફંડ લોંચ કર્યુ

**સુરત, તા. ૧૩ :** સમિટ લ્જએ આજે સમિટ એક્ટિવ એસેટ એલોકેટર લોંગ-શોર્ટ ફંડ (એક ઈન્ટરવલ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી, જે ઈક્વિટી, ડેટ, ઈક્વિટી અને ડેટ ડેરિવેટિવ્સ, InVITs અને કોમોડિટી ડેરિવેટિવ્સ, જેમાં ડેરિવેટિવ્સ મારફતે મંજૂર ઈન્સ્ટ્રુમેન્ટ પર ટૂંકા ગાળાના રોકાણ પણ શામેલ છે) લોંચ કરવાની જાહેરાત કરી હતી. ન્યૂ ફંડ ઓફર (NFO) આજથી (૧૨ ઓક્ટોબર, ૨૦૨૬)થી સબસ્ક્રિપ્શન માટે ખુલ્લી છે અને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે.

# અમદાવાદમાં જીગરદાન ગઢવીની સાચી નવરાત્રિમાં ખેલૈયાઓ વિફર્યા, તોડફોડ કરી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૩ :** અમદાવાદમાં બીજા નોરતે ન્યુ સાયન્સ સિટી પર આયોજિત જીગરદાન ગઢવીના સાચી નવરાત્રિમાં કેટલાક ખેલૈયાઓને પાસ હોવા છતાં પ્રવેશ નહીં અપાતા ભારે હોબાળા બાદ તોડફોડ કરવામાં આવી હતી. ફાયરની એનઓસી નહીં હોવા છતાં પ્રથમ નવરાત્રિથી જ એસી ડોમમાં ગરબાનું આયોજન કરાયું હતું. બીજા નોરતે પોલીસ મંજૂરી અને ફાયર એનઓસી વિવાદ વચ્ચે ખેલૈયાઓને કલાકો સુધી એન્ટ્રી ગેટ પર ઊભા રેહવાનો વારો આવ્યો હતો. પરંતુ પોલીસ પરવાનગી નહીં મળતા ગરબા શરૂ કરાયા નહતા. કલાકો સુધી રાહ જોયા બાદ ખેલૈયાઓની ધીરજ ખૂટી હતી અને ગરબા રમવા ન મળતા હોબાળો કરીને લોખંડની ગ્રીલ સહિતના આડાશોની તોડફોડ કરીને એસી ડોમમાં ઘૂસી ગયા હતા અને પોસ્ટ ફાડી નાંખ્યા હતા તેમજ રિફંડ આપવાના નારા લગાવ્યા હતા.

અમદાવાદમાં સાચી નવરાત્રિના સમગ્ર વિવાદ પાછળનું મુખ્ય કારણ પોલીસની મંજૂરી ન હોવાનું સામે આવ્યું છે. સાચી નવરાત્રિમાં ચાર વખત ધક્કો ખાધા બાદ આખરે ફાયર વિભાગની પરવાનગી મળી ગઈ હતી, પરંતુ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ ન આવ્યો હોવાથી પોલીસ દ્વારા ગરબા યોજવા માટે પરવાનગી અપાઈ ન હતી. પોલીસની મંજૂરી ન મળતા આખરે ગરબા શરૂ ન થઈ શક્યા નહતા. જો કે નવાઈની વાત એ છે કે -થમ નોરતામાં આ સ્થળે ગરબાનું આયોજન થયું હતું તો શું તે કોઈપણ પરવાનગી વગર અને છડેચોક નિયમોના ઉલ્લંઘન વગર કરાયું હતું કે કેમ તે પણ સવાલ ઊઠી રહ્યો છે.

ખેલૈયાઓએ મોંઘાદાટ પાસ લીધા હોય તેમના દ્વારા બીજા નોરતે ગરબા શરૂ નહીં થતા ભારે ધમાલ મચાવવામાં આવી હતી. પરંતુ અંતે તંત્રએ કોલડીમાં ગોળ ભાંગી લીધો હોય તેમ જીગરદાન ગઢવીના ગરબાને તમામ મંજૂરીઓ આપવામાં આવી હતી.


## CHANGE OF NAME

OLD NAME
UMMEMA IMRAN MADAN
NEW NAME UMEMA IMRAN MADAN
ADD. H. NO, D M C 4/93/ G- F - 6 UMME NOOR APPARTMENT KHARIWAD NANI DAMAN 396210

## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **પ્રશાંતકુમાર મનહરલાલ પટેલ અથવા પ્રશાંતકુમાર મનહરભાઈ પટેલ** હતું જે બદલીને મારૂ નવું નામ **પ્રશાંત મનહરલાલ પટેલ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **પ્રશાંત મનહરલાલ પટેલ**
સરનામું : ૧૦૭૭, પ્રભુ ફળિયા, બેંક ઓફ બરોડાની બાજુમાં, ધરમપુર, વલસાડ - ૩૯૬૦૦૧

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM : **KALAVATIBEN ARJUNBHAI MANGELA** TO NEW NAME : **KALABEN ARJUNBHAI MANGELA** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : KALABEN ARJUNBHAI MANGELA**
ADRESS. : MAROLI, DANDI (JALARAM FALIYU) UMBERGAON, VALSAD, PIN NO : 396130, GUJARAT, INDIA

## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **કલાવતીબેન અર્જુનભાઈ માંગેલા** હતું જે બદલીને મારૂ નવું નામ **કલાબેન અર્જુનભાઈ માંગેલા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **કલાબેન અર્જુનભાઈ માંગેલા**
સરનામું : મરોલી, દાંડી (જલારામ ફળિયું), ઉમરગામ, વલસાડ, પિન નંબર ૩૯૬૧૩૦, ગુજરાત, ભારત


## વાયબ્રન્ટ સમિટ પ્રમોશન અંગે

# મુખ્યમંત્રીની તાજેતરની યુ.એસ. મુલાકાતની સફળ ફલશ્રુતિ

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૩ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વિશ્વની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપની બ્લેક રોકના ચીફ ઓપરેટિંગ ઓફિસર રોબર્ટ ગોલ્ડસ્ટીને ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત બેઠક યોજી હતી. વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭ના પ્રમોશન સંદર્ભે મુખ્યમંત્રીએ તાજેતરમાં ઉચ્ચસ્તરીય ડેલિગેશન સાથે યુ.એસ.ની મુલાકાત દરમિયાન બ્લેક રોકના ગ્લોબલ હેડ ઓફ માર્કેટ ડેવલપમેન્ટ સમારા કોહેન સાથે યોજેલી વન-ટુ-વન બેઠકમાં બ્લેક રોકને ગિફ્ટ સિટીમાં ઓપરેશન્સ શરૂ કરવા આપેલા નિમંત્રણની ફળદાયી ફલશ્રુતિ રૂપે ગાંધીનગરમાં આ શુભેચ્છા મુલાકાત બેઠક યોજાઈ હતી.

આ બેઠકની ચર્ચાઓ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સ્થપાયેલું ગિફ્ટ સિટી ઈન્ટરનેશનલ ફિન્ટેક હબ તરીકે વર્લ્ડ ક્લાસ ફાઈનાન્સિયલ ઈકો સિસ્ટમથી સજ્જ છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે ગિફ્ટ સિટીમાં બેન્કિંગ એસેટ્સ, ફંડ કમિટમેન્ટ્સ અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટયૂટ્સની વધતી જતી પ્રેઝન્સથી ગિફ્ટને ઝડપથી ગ્લોબલ ફાઈનાન્સિયલ એન્ડ ટેકનોલોજી ગેટ-વે બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને પણ સ્પષ્ટ કર્યું હતું.


**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (પ્રાદેશિક), દાદરા અને નગર હવેલી**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : વન વિભાગ, પ્રાદેશિક વિભાગ, દાદરા અને નગર હવેલી, સિલવાસા ખાતે કર્મચારીઓની આઉટસોર્સિંગ સેવા પુરી પાડવા બાબત.

| | |
|---|---|
| ટેન્ડર નં. | : 8-6/FD/CSD/2026/ESTMATE-731/NIT/1530 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | : ૦૯.૧૦.૨૦૨૬ ૧૮.૪૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | : ૨૩.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ વાગ્યા સુધી |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | : ૨૩.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | : 2026_UTDNH_8297_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

www.dnh.gov.in, www.dnhtenders.gov.in

નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા

NO.: IP/DMN/2/5/2026-27/581 DATED : 13/10/2026

**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (પ્રાદેશિક), દાદરા અને નગર હવેલી**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : વન વિભાગ, પ્રાદેશિક વિભાગ, દાદરા અને નગર હવેલી, સિલવાસા ખાતે કર્મચારીઓની આઉટસોર્સિંગ સેવા પુરી પાડવા બાબત.

| | |
|---|---|
| ટેન્ડર નં. | : 4-2/520/FD/GNL/2024/1536 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | : ૧૨.૧૦.૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | : ૨૨.૧૦.૨૦૨૫ બપોરે ૦૨.૦૦ વાગ્યા સુધી |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | : ૨૨.૦૯.૨૦૨૫ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | : 2026_UTDNH_8301_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

www.dnh.gov.in, www.dnhtenders.gov.in

નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા

NO.: IP/DMN/2/5/2026-27/582 DATED : 13/10/2026

**પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (પ્રાદેશિક), દાદરા અને નગર હવેલી**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : રુદાણા નર્સરી (એસબી) ખાતે સ્વચ્છતા સુવિધાઓનું વ્યાપક સુધારણા અને અપગ્રેડેશનનું કાર્ય

| | |
|---|---|
| ટેન્ડર નં. | : 8-6/FD/CSD/2026/ESTMATE-725/NIT/1533 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | : ૦૯.૧૦.૨૦૨૬ ૧૮.૪૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | : ૨૩.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ વાગ્યા સુધી |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | : ૨૩.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | : 2026_UTDNH_8299_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

www.dnh.gov.in, www.dnhtenders.gov.in

નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા

NO.: IP/DMN/2/5/2026-27/580 DATED : 13/10/2026


# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો દબદબો

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૩ :** ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ પ્રચંડ અને ઐતિહાસિક વિજય હાંસલ કર્યો છે. ભાજપે દબદબો જાળવી રાખ્યો છે. ગાંધીનગર મનપામાં ભાજપે બહુમતી સાથે ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે ઓખા અને થરા નગરપાલિકામાં પણ કમળ ખીલ્યું છે. આ શાનદાર જીતના પગલે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે ઉજવણીનો માહોલ છવાયો હતો અને ભવ્ય વિજયોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.




ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાયેલા વિજયોત્સવના કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીમંડળના સભ્યો, પ્રદેશના અગ્રણી નેતાઓ અને મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકર્તાઓ આ ઉજવણીમાં સહભાગી બન્યા હતા. કાર્યકર્તાઓએ અબિલ-ગુલાલની હોળી રમીને અને ફટાકડા ફોડીને પક્ષની ભવ્ય જીતને વધાવી લીધી હતી.

ભાજપની જીત બાદ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, ગુજરાતની જનતાએ ભાજપના સેવા, સમર્પણ અને વિકાસના અભિગમ પર વિશ્વાસ મૂક્યો છે. તેમણે નવરાત્રિનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, જગદંબાના આશીર્વાદ ગુજરાત પર રહ્યા છે અને આ ચૂંટણી પરિણામો જનતાના આશીર્વાદનું પ્રતિબિંબ છે.

અહીં નોંધવું ઘટે કે રાજ્યની ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ ખેરાલુ નગરપાલિકાની ૧ બેઠક, છોટાઉદેપુર નગરપાલિકાની ૧ બેઠક, બાયડ નગરપાલિકાની ૧ બેઠક, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૧ બેઠક, પડધરી તાલુકા પંચાયતની ૧ બેઠક મળી પ્રસંગોપાત ખાલી પડેલ ૫ બેઠકોની પેટા ચૂંટણીઓ ગત તા.૧૧-૧૦-૨૦૨૬ના રોજ યોજાઇ હતી, જે સંદર્ભે આજરોજ તા.૧૩-૧૦-૨૦૨૬ના રોજ મતગણતરી યોજવામાં આવી હતી. જ્યારે . સતલાસણા તાલુકા પંચાયતની ૧ બેઠક, હારીજ તાલુકા પંચાયતની ૧ બેઠકમાં ફોર્મ ન ભરાયેલ હોવાથી ચૂંટણી યોજાયેલ નથી.

ચૂંટણી પરિણામો ઉપર નજર કરીએ તો, ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડોની કુલ ૪૪ બેઠકો પૈકી ૩૮ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિજેતા થયેલ છે, ૫ બેઠકો ઉપર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર વિજેતા થયેલ છે, ૧ બેઠક ઉપર અપક્ષના ઉમેદવાર વિજેતા થયેલ છે. ઓખા નગરપાલિકા ૯ વોર્ડની કુલ ૩૬ બેઠકો પૈકી ૪ બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિન હરીફ થયેલ છે, હરીફાઈમાં રહેલ ૩૨ બેઠકો પૈકી ૨૯ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર વિજેતા થયેલ છે ૩ બેઠકો ઉપર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર વિજેતા થયેલ છે. થરા નગરપાલિકાની ૬ વોર્ડની કુલ ૨૪ બેઠકો પૈકી ૧૯ બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ છે ૫ બેઠકો ઉપર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર વિજેતા થયેલ છે. પેટા ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખેરાલુ નગરપાલિકાની ૧ બેઠક ઉપર ભારતીય જનતાપાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ છે, છોટાઉદેપુર નગરપાલિકાની ૧ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ છે, બાયડ નગરપાલિકાની ૧ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ છે, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૧ બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ છે, પડધરી તાલુકા પંચાયતની ૧ બેઠક પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ છે.

# આરોપીઓના વરઘોડા મુદ્દે હાઈકોર્ટમાં અવમાનનાની અરજી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૩ :** ગુજરાતમાં આરોપીઓને જાહેરમાં માર મારવા અને વરઘોડા કાઢવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશન એટલે કે અદાલતની અવમાનનાની અરજી દાખલ થઈ છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે પોલીસને વર્દી પહેરવાથી કાયદાથી ઉપર હોવાનો અધિકાર મળી જતો નથી અને જાહેરમાં કોઈ વ્યક્તિને માર મારવો તેના માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન છે. અરજદાર પક્ષે એવો પણ આક્ષેપ કર્યો છે કે આરોપીઓનાં સરઘસ કાઢવા જેવી ઘટનાઓ સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાની અવગણના સમાન છે. આ મામલે પોલીસ તંત્ર તરફથી હાઈકોર્ટમાં માફી માગવામાં આવી હોવાનું પણ જણાવાયું છે. હાઈકોર્ટે સમગ્ર ઘટનાની સમયરેખા અને સંબંધિત વિગતો આપવા પોલીસને જણાવ્યું છે.


## PUBLIC NOTICE

**THAT THIS NOTICE** is hereby published to declare that I, Ms. Hetvi Trivedi D/o. Mr. Hirak Trivedi, lost my original Marksheet of 10th Grade having Registration No. A119/03751/0289 dated 06/05/2019 and 12th Grade having Registration No. E221/31951/0176 dated 30/07/2021. That on 26/11/2022, I was travelling on my Two - Wheeler vehicle from my house, 8/A, Boganvilla Society, b/h. District court, Tokarkhada, Silvassa, Dadra & Nagar Haveli- 396230 to Haveli Institute of Legal Studies and Research to submit the above-mentioned documents for admission purpose and during the transit I lost my above-mentioned original documents, thus resulting in loss of the original Marksheets provided by Central Board of Secondary Education and the same is not traceable.
Hence, through this public notice it is intimated that if anybody is in the possession or have found the said document is requested to hand over the document to me (Miss Hetvi Trivedi) at 8/A, Boganvilla Society, b/h. District court, Tokarkhada, Silvassa, Dadra & Nagar Haveli- 396230.
**Details of the Lost Document:**
original marksheet of 10th Grade having Registration No. A119/03751/0289 dated 06/05/2019 and 12th Grade having Registration No. E221/31951/0176 dated 30/07/2021.
**Date :- 13/10/2026** Sd/-
**Place :- Silvassa** Hetvi Trivedi

## -:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે (૧) અશોકભાઈ લક્ષ્મણભાઈ, (૨) વર્ષાબેન અશોકભાઈ, (૩) સાગર અશોકભાઈ, (૪) સેજલ અશોકભાઈ તે કમલકુમારની પત્ની (૫) નિકિતાબેન અશોકભાઈ તે શ્યામકુમારની પત્ની, તમામ રહે.૭૩૭, પટેલ ફળિયા, ચલા, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત-૩૯૬૧૯૧ નામ ઉપર માલીકી હક્કે ચાલી આવેલ છે અને સદર મીલ્કત ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

જેથી નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસીધ્ધ થયે દિન-૭ (સાત)માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.

-:: શિડ્યુલ ::-

વલસાડ ડીસ્ટ્રીક્ટ રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ વાપી તાલુકાનાં મોજે ''ચલા'' મધ્યે ખાતા નંબર : ૮૭૬થી ચાલી આવેલ ખેતીના.....

| જુનો સર્વે નંબર | પ્રમોલગેશન પહેલાનું ક્ષે.ચો.મી. | રી.સર્વે નંબર | પ્રમોલગેશન બાદનું ક્ષે.ચો.મી.માં | આકાર રૂ. પૈસા |
|---|---|---|---|---|
| ૪૨/૨ | ૪૦૪૭.૦૦ | ૪૬૦ | ૪૦૪૭.૦૦ | ૦.૨૦ |
| ૪૨ | ૧૭૨૦.૦૦ | ૪૬૧ | ૧૭૨૦.૦૦ | ૧.૯૮ |
| ૪૨/૧ | ૨૦૨૩.૦૦ | ૪૬૨ | ૨૦૨૩.૦૦ | ૦.૨૦ |

ના ક્ષેત્રફળવાળી જમીન મીલકત તથા તેમાં ઝાડ-બીડ તથા તેમાં જાવ-આવ કરવાના રસ્તાના વપરાશના હક્કો સહિત તથા તેને લગતા, લાગતા, વળગતા તમામ પ્રકારના હક્કો સહીત વાળી મીલકત.

**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ) મો.નં.૯૮૨૫૧૪૫૦૮૫**
**ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી-૩૯૬ ૧૯૧**

## મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ

ફો.પ.અ.નં.૩૩૬/૨૦૨૬

અરજદાર : **અમીરૂદીન અબુબક્કર કાલ્યા**
રહે. સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ,
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્ર નામે **આબીદ અમીરૂદીન કાલ્યા**નો જન્મ તારીખ ૨૬/૧૨/૧૯૭૦ના રોજ સંજાણ તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૫/૧૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ |

## મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ

ફો.પ.અ.નં.૩૩૯/૨૦૨૬

અરજદાર : તુકારામભાઈ કૃષ્ણભાઈ મહેર
રહે. મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ,
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના ભત્રીજા નામે **અર્જુનભાઈ ભીખાજી કેણી**નો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૫૬ના રોજ મરોલી તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૫/૧૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ |

## મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ

ફો.પ.અ.નં.૩૩૮/૨૦૨૬

અરજદાર : **મોહમદ સરીફ ઉમર ગઝલ**
રહે. સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ,
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની ભાણેજ નામે **ઈમરાન અબ્દુલ કાદીર માંજરા**નો જન્મ તારીખ ૦૧/૦૭/૧૯૮૦ના રોજ સંજાણ તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૫/૧૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ |

## મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ

ફો.પ.અ.નં.૩૩૭/૨૦૨૬

અરજદાર : **અમીરૂદીન અબુબક્કર કાલ્યા**
રહે. સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ,
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્ર નામે **આબીદ અમીરૂદીન કાલ્યા**નો જન્મ તારીખ ૨૬/૧૨/૧૯૭૪ના રોજ સંજાણ તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૫/૧૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ |

## ટેરેસ ગળે છે ??

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપીંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

## ડિસ્કાઉન્ટ ધમાકા

તાં. 1-8-26.થિ. ચાલુ

ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો

પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ

MAYUR FOOTWEAR

5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ

કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર

Paragon Bata Lakhani campus

શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

દિવાળી ધમાકા

કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-

Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-

દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ

પરમાર શુ કલેક્શન

કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ

શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon

LORD'S MEN'S WEAR

એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa

Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ

खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER

WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.

આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 14, October 2026

# દમણગંગા ટાઇમ્સ



## ડુંગરી પેટ્રોલપંપ ધાડ કેસમાં ૧૭ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા.૧૩ :** વલસાડના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૭ વર્ષ અગાઉ નેશનલ હાઈવે નંબર-૪૮ પર આવેલા રોલા ગામે હાઈવે પર આવેલ વૈષ્ણવી પેટ્રોલપંપ પર થયેલી સનસનાટીભરી ધાડના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને વલસાડ એલસીબી ની ટીમે મહારાષ્ટ્રના પેલ્હાર ખાતેથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

વલસાડ જિલ્લાના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા રોલા ગામે આવેલ વૈષ્ણવી પેટ્રોલ પંપ પર ગત તારીખ ૩૧/૦૧/૨૦૧૦ના રોજ વહેલી સવારે રોલા ગામ પાસે નેશનલ હાઈ સિલ્વર કલરની ઈનોવા કારમાં ચાર અજાણ્યા શખ્સો ડીઝલ પુરાવવાના બહાને આવ્યા હતા. ડીઝલ પુરાવ્યા બાદ બે શખ્સો પાવતી લેવાના બહાને ઓફિસમાં ઘૂસ્યા હતા અને ઓફિસની લાઈટ બંધ કરી ફરિયાદીને રિવોલ્વર બતાવી હતી. દરમિયાન કારમાંથી અન્ય બે શખ્સો છટકા જેવા હથિયારો લઈને અંદર પ્રવેશ્યા હતા અને બહાર સૂતેલા કર્મચારીને પણ પકડી ઓફિસમાં લાવી પૈસાની માંગણી કરી હતી. કર્મચારીએ પૈસા આપવાનો ઈનકાર કરતા તેના પગના ભાગે હથિયારથી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ તિજોરી ખોલવાનો પ્રયાસ નિષ્ફળ જતાં, લૂંટારુઓએ ઓફિસમાં પડેલી ચાદર ફાડી ફરિયાદીના હાથ-પગ બાંધી દીધા હતા અને બંને કર્મચારીઓને સ્ટોર રૂમમાં પૂરી બહારથી તાળું મારી દીધું હતું. લૂંટારુઓ ટેબલ પર મૂકેલા રોકડા ૩૩,૬૦૦ તેમજ કર્મચારીઓના બે મોબાઈલ ફોન કિંમત ૧,૦૦૦ મળી કુલ ૩૪,૬૦૦ ની મત્તાની ધાડ પાડી ફરાર થઈ ગયા હતા. જે અંગે ડુંગરી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પોલીસે અગાઉ ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી, જ્યારે અન્ય સાગરીતો વોન્ટેડ હતા. ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને એલ.સી.બી. પી.આઈ. એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ વોચમાં હતી. દરમિયાન એલ.સી.બી.ના અ.પો.કો. કુલદીપસિંહ ધર્મેન્દ્રસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે પીએસઆઈ જે.બી.ધાનેશા તથા સ્ટાફે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના પેલ્હાર માં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો. ઝડપાયેલ આરોપી પુનિત ઉર્ફે અજય કૃષ્ણચંદ્ર શ્રીનિવાસકૃપા તિવારી નો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેની સામે અગાઉ પણ અન્ય રાજ્યોમાં ગંભીર ગુના નોંધાયેલા છે. જેમાં રાજસ્થાનના હલેના પોલીસ સ્ટેશનમાં, રાજસ્થાનના સેવરા પોલીસ સ્ટેશનમાં તથા મહારાષ્ટ્રના બોઈસર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે. એલ.સી.બી. વલસાડ દ્વારા આરોપીની કાયદેસર અટકાયત કરી.

## વાપી ગોકુળ માર્કેટની નાસ્તાની દુકાનમાં આગથી દોડધામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપીના સરદાર ચોક પાસે આવેલ ગોકુળ માર્કેટમાં આજે બપોરે આગની ઘટના બનતા અફરાતફરી મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ગોકુળ માર્કેટના ભોંયતળિયે આવેલ બેન્ક ઓફ બરોડાના ATM ની પાછળના ભાગે ભાવસાર નાસ્તાની દુકાન આવેલી છે. બપોરના સમયે દુકાનમાં ઈલેક્ટ્રિક ચૂલાનું બટન ચાલુ રહી જતા શોર્ટ સર્કિટ થયું હતું અને આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે. આગ લાગતા જ માર્કેટમાં ધુમાડો ફેલાયો હતો અને વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ તાત્કાલિક વાપી મહાનગરપાલિકા ફાયર વિભાગને કરવામાં આવી હતી. માહિતી મળતા જ વાપી મનપાની ફાયર બ્રિગેડની ટીમ ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર ટીમની સમયસૂચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને આગ બીજી દુકાનો સુધી પ્રસરતી અટકી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી,



રોટરી ક્લબ ઓફ વાપીના આયોજન હેઠળ થનગનાટ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ ના બીજા દિવસે વાપી શહેરના મેયર - દક્ષાબેન પટેલ અને ડેપ્યુટી મેયર - મીતેશ દેસાઇ સહપરિવાર આરતીમાં જોડાઈનેમાં આધશક્તિ ની આરાધના કરી હતી. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે થનગનાટ-૨૦૨૬ના મુખ્ય સ્પોન્સરશાહ પેપર મિલ લી., સહ સ્પોન્સર્સવ્રજ કન્સ્ટ્રક્શન, એ. એસ. આર્કિટેક અને જાગૃતિ ઈન્ફ્રા પ્રા. લી. , સહયોગ આપી રહ્યા છે. દરરોજના વિજેતાઓને ઈનામો આપવામાં આવે છે.

## દમણમાં લોનના નામે છેતરપિંડી કેસમાં એકની ધરપકડ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૩ :** દમણ પોલીસે લોન સાથે સંકળાયેલા કથિત છેતરપિંડીના સંબંધમાં મહારાષ્ટ્રના નવી મુંબઈથી એક વ્યક્તિની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ ૨૬ વર્ષીય સેમસન સિંહ ઉર્ફે શુભમ મનોજ સિંહ તરીકે થઈ છે. જેના ચાર દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે.

દમણ પોલીસના જણાવ્યા મુજબ બ્રિજેશ મૌર્યએ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દાભેલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે આરોપીએ તેમને રૂા.૧.૫૦ લાખની લોન આપવાનું વચન આપ્યું હતું. શરૂઆતમાં, આરોપીએ ખાનગી લોન એપ દ્વારા રૂા.૪૧,૨૬૯ની લોનની વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ, બાકીની રકમ સાથે નવી લોન આપવાના બહાને, આરોપીએ ફરિયાદીની લોનની રકમ તેના ખાતામાં ટ્રાન્સફર કરવા માટે મંજૂરી મેળવી અને કથિત રીતે ફરાર થઈ ગયો.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપીએ ફરિયાદીના મિત્ર લવકુશ રામશિયા પટેલના બજાજ ફાઈનાન્સ કાર્ડની માહિતીનો કથિત રીતે દુરુપયોગ કર્યો હતો. બાકી રહેલા પીએફ બેલેન્સ ઉપાડવામાં મદદ કરવાના બહાને, આરોપીએ અનુક્રમે ?૯૮,૯૦૪ અને ૭૮,૫૪૩ ની કિંમતના બે મોબાઈલ ફોન ખરીદ્યા. પોલીસના જણાવ્યા અનુસાર, બંને પીડિતોને કુલ ૨૧૮,૭૧૬ નું નાણાકીય નુકસાન થયું હતું. દાભેલ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨) અને ૬૧(૨) હેઠળ FIR નંબર ૧૮/૨૦૨૬ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ટેકનિકલ દેખરેખના આધારે, પોલીસે આરોપીને નવી મુંબઈમાં શોધી કાઢ્યો, તેની ધરપકડ કરી અને તેને દમણ લાવ્યો.

પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન, આરોપીઓએ ગુજરાતના દમણ, મોરાઈ અને દાદરા અને નગર હવેલીના સિલ્વાસામાં અન્ય વ્યક્તિઓ સાથે કથિત લોન છેતરપિંડીમાં સંડોવણી હોવાનું કબૂલ્યું હતું. આ કેસોને સામેલ કરીને, શંકાસ્પદ વ્યવહારોની કુલ રકમ આશરે ૭૫૩,૭૯૭ હોવાનો અંદાજ છે. જો કે, વધારાના વ્યવહારો અને પીડિતોની સંખ્યાની ચકાસણી ચાલુ છે.

## બીલીમોરામાં ટ્રેન અડફેટે બે અજાણી મહિલાઓના મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** બીલીમોરા રેલવે સ્ટેશનના દક્ષિણ યાર્ડમાં કિ.મી. નં. ૨૧૫/૨૭-૨૫ વચ્ચે ટ્રેન નં. ૨૨૯૨૮ અપ લોકશક્તિ એક્સપ્રેસ સામે આવી જતાં અગમ્ય કારણોસર બે અજાણી મહિલાઓ કપાઈ જતાં બંનેના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. વલસાડ રેલવે પોલીસે (બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ) અકસ્માતે મોતનો ગુનો નોંધી બંને બિનવારસી મહિલાઓના વાલીવારસોની શોધખોળ હાથ ધરી છે. મૃતકો પૈકી એક મહિલાની ઉંમર આશરે ૩૫ થી ૪૦ વર્ષ, બાંધો મધ્યમ, ઊંચાઈ ૫ ફૂટ ૬ ઈંચ અને ઘઉંવર્ણ છે, જેમણે જમણા હાથના પંજા પર સ્ટાર તથા સ્વસ્તિક ત્રોફાવેલ છે તેમજ ક્રીમ કલરનું ફૂલ ડિઝાઇનવાળું બ્લાઉઝ, નીચે મહેંદી કલરની ઈનર અને ક્રીમ કલરનો ફૂલ ડિઝાઇનવાળો ઘાઘરો પહેરેલો છે. જ્યારે બીજી મહિલાની ઉંમર આશરે ૪૫ થી ૫૦ વર્ષ, બાંધો મધ્યમ, ઊંચાઈ ૫ ફૂટ ૩ ઈંચ અને ઘઉંવર્ણ છે, જેમણે જમણા હાથના પંજા પર સ્વસ્તિક ત્રોફાવેલ છે અને શરીરે ક્રીમ કલરની ફૂલ ડિઝાઇનવાળી સાડી તથા પીળા કલરનો ચણીયો પહેરેલ છે. આ મહિલાઓ અંગે કોઈ પણ માહિતી મળે તો બીલીમોરા રેલવે આઉટ પોસ્ટનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

## ડુંગરા પોલીસ સ્ટેશન દ્વારા મહિલા સુરક્ષાને લઈને ખાસ અભિયાન શરૂ

### નવરાત્રી મહોત્સવમાં ડુંગરા પોલીસની SHE ટીમ મેદાનમાં ઉતરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** નવરાત્રીના પાવન પર્વને લઈને ડુંગરા પોલીસ સ્ટેશન દ્વારા મહિલા સુરક્ષાને લઈને ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નવરાત્રીની મહોત્સવમાં સુરક્ષા સાથે આનંદ પણ! ના સૂત્ર સાથે પોલીસે SHE ટીમને મેદાનમાં ઉતારી છે.

વલસાડ જિલ્લા પોલીસ અંતર્ગત ડુંગરા પોલીસ સ્ટેશન દ્વારા બહાર પાડવામાં આવેલા પોસ્ટરમાં જણાવ્યું છે કે,`નારીનું સન્માન, SHE Teamની ઓળખ છે. નવરાત્રીમાં ગરબા રમવા આવતી દીકરીઓ અને મહિલાઓની સુરક્ષા એ પોલીસની પ્રાથમિકતા છે.

પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દીકરીની સુરક્ષા, પોલીસની પ્રતિબદ્ધતા,ડરશો નહીં, અવાજ ઉઠાવો - SHE Teamને જણાવો.- છેડતી સામે અવાજ ઉઠાવો, SHE Teamનો સાથ મેળવો- તમારી સુરક્ષા, અમારો સંકલ્પ. નવરાત્રી દરમિયાન કોઈપણ અસામાજિક તત્વો દ્વારા મહિલાઓ સાથે છેડતી કે ગેરવર્તન કરવામાં આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. ડુંગરા પોલીસે મહિલાઓને નિડર બનીને ગરબાનો આનંદ માણવા અને કોઈપણ મુશ્કેલીમાં તાત્કાલિક SHE ટીમનો સંપર્ક કરવા અપીલ કરી છે.

## વાપી જીઆઈડીસી ચાર રસ્તા પર ભયજનક રીતે પાર્ક કરેલો ટેમ્પો જપ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી GIDC બ્રિજ નીચે ટ્રાફિક નિયમન દરમિયાન ફરજ પર રહેલા ટ્રાફિક પોલીસે જાહેર રોડ પર ભયજનક રીતે પાર્ક કરેલા ટેમ્પા ચાલક સામે કાર્યવાહી કરી છે.

મળતી માહિતી મુજબ વાપી GIDC ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર છોટા હાથી ટેમ્પો નં. GJ-15-AY-1095 ચાલકે બીજાની જીંદગી જોખમાય તેમજ આવતા-જતા વાહનો અને રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે ભયજનક રીતે ઉભો રાખ્યો હતો. આ અંગે હે.કો. હિંમતસિંહ રૂપસિંહ બારીઆ (બ.નં.૧૦૦૯)એ ટેમ્પા ચાલક ઘનશ્યામભાઈ અમરસંગભાઈ વસાવા (ઉ.૨૪, ધંધો નોકરી, રહે. દાંડા, ભાણજી ફળિયા, તા.આમોદ, જી.ભરૂચ) ને પકડી વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશન લાવી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### ખારીવાડમાં પાર્ક કરેલી કારમાં આગ લાગી

ખારીવાડ એક્સટેન્શનમાં એક કારમાં આગ લાગી હતી, જેને નજીકના લોકોએ કાબુમાં લીધી હતી. ખારીવાડ VS બાર રેસ્ટોરન્ટની ઈમારત નીચે એક કાર, નંબર DD 03 K 5737 પાર્ક કરવામાં આવી હતી. આ કાર પેટ્રોલ અને CNGથી ચાલતી હતી. રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે અચાનક આગ લાગી. બાર રેસ્ટોરન્ટના સાધનો અને નજીકના લોકોએ આગ પર કાબુ મેળવ્યો હતો.

## નિલોસી પ્રા. શાળાના આચાર્યના આપઘાત બાદ

## જિલ્લા પ્રા. શિક્ષણ સંઘનું બિનશૈક્ષણિક કામનું ભારણ ઘટાડવા આવેદનપત્ર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** કપરાડા તાલુકાની નીલોસી પ્રાથમિક શાળાના આચાર્ય સ્વ. શંકરભાઈ જાદવના દુ:ખદ અવસાન બાદ શિક્ષક આલમમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. આ દુ:ખદ ઘટનાને પગલે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. આવેદનપત્રમાં શિક્ષકો પર સતત વધી રહેલા બિનશૈક્ષણિક અને વહીવટી કામગીરીના ભારણને તાકીદે ઘટાડવા તેમજ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગણી ઉઠાવવામાં આવી છે.

સંઘ દ્વારા રજૂઆતમાં જણાવાયું છે કે શિક્ષકનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંસ્કાર અને જીવનકૌશલ્યો આપવાનું છે. જોકે, વર્તમાન સમયમાં શિક્ષકોને નિયમિત અધ્યાપન કાર્ય ઉપરાંત વિવિધ સર્વે, ઓનલાઇન ડેટા એન્ટ્રીઓ, અલગ-અલગ પોર્ટલ પર માહિતી ભરવી, અહેવાલો તૈયાર કરવા તેમજ સરકારી યોજનાઓની વિગતો એકત્રિત કરવા જેવી અનેકવિધ વહીવટી તથા બિનશૈક્ષણિક જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે.

અને તાકીદની સૂચનાઓને કારણે શિક્ષકો પર માનસિક અને કાર્યનું અતિશય દબાણ વધી રહ્યું છે, જેના લીધે શિક્ષણ કાર્ય માટે પૂરતો સમય ફાળવી શકાતો નથી. નીલોસી પ્રાથમિક શાળાના આચાર્યના નિધનની ઘટનાએ શિક્ષકોની વર્તમાન કાર્યપરિસ્થિતિ, માનસિક સુખાકારી અને શિક્ષણ વ્યવસ્થામાં જરૂરી સુધારાઓ અંગે ગંભીરતાથી વિચારવાની જરૂરિયાત ઊભી કરી છે.

સંઘે સ્વર્ગસ્થ આચાર્ય ને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતા વહીવટી તંત્રને અપીલ કરી છે કે આ ઘટના પાછળ કોઈ પૂર્વધારણા બાંધ્યા વગર તમામ પાસાંઓની ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તથા ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે શિક્ષકોને બિનશૈક્ષણિક ભારણમાંથી મુક્ત કરી યોગ્ય પગલાં ભરવામાં આવે.

## વાપીમાં દારૂ પીને કાર ચલાવતો ચાલક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૩ :** કચીગામ ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન વાપી ટાઉન પોલીસે દારૂ પીને કાર ચલાવતા ચાલકને ઝડપી પાડ્યો છે.

પો.કો. શ્રવણજી સોલંકી અને હે.કો. વિક્રમસિંહ સહિતની ટીમ ચેકિંગમાં હતી ત્યારે સફેદ કલરની હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર નં. GJ-15-CF-2233 ને રોકતા ચાલક અને પાછળ બેઠેલા ત્રણ ઈસમો દારૂ પીધેલા હાલતમાં મળ્યા હતા. પૂછતાછમાં ચાલકનું નામ દિપકુમાર શંકરભાઈ પટેલ (ઉ.૩૨, રહે. કરવડ પટેલ ફળિયા, વાપી) હોવાનું બહાર આવ્યું છે. તેની આંખો લાલચોળ, મોઢામાંથી દારૂની તીવ્ર વાસ અને શરીરનું સંતુલન ન હોવાનું જણાયું હતું. તેની પાસે પાસ-પરમિટ પણ ન હતી. પોલીસે મેડિકલ તજવીજ કરી ગુનો નોંધ્યો છે.

## ડાંગના ખેલાડીઓનો રાજ્યકક્ષાની એથલેટિક્સ સ્પર્ધામાં ડંકો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૩ :** ખેલકુદ ક્ષેત્રે ડાંગ જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડીઓએ ફરી એકવાર રાજ્ય સ્તરે પોતાની સક્ષમતા સિદ્ધ કરીને સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે. નડિયાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાની એથલેટિક્સ સ્પર્ધામાં ડાંગ જિલ્લાની માલેગામ સ્થિત સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર માલેગામના હોનહાર ખેલાડી જીગરભાઈ મધુભાઈ ગવળીએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૫૦૦૦ મીટર રેસ વોક સ્પર્ધામાં પ્રથમ ક્રમ (સુવર્ણ પદક) પ્રાપ્ત કરીને શાળા તથા ડાંગ જિલ્લાનું નામ ગૌરવપૂર્ણ રીતે રોશન કર્યું છે.જીગર ગવળીની આ ભવ્ય સફળતા બદલ શાળા પરિવાર અને રમતગમત ક્ષેત્રના અગ્રણીઓમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ શાળાના સ્થાપક



પરમ પૂજ્ય પી. પી. સ્વામીજી, ડાંગ જિલ્લા રમત વિકાસ અધિકારી અલકેશભાઈ પટેલ, શાળાના આચાર્યા જાગૃતિબેન ડી. સાવંત, શારીરિક શિક્ષણ વિભાગના શિક્ષક વિરલભાઈ ટંડેલ તથા કોચ પરેશભાઈ ગાવીતે વિજેતા ખેલાડી જીગરભાઈને મોં મીઠું કરાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.સમગ્ર ડાંગ જિલ્લો અને શાળા પરિવાર ખેલાડી જીગરભાઈ મધુભાઈ ગવળીની આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ ગૌરવ અનુભવે છે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય તથા આગામી સ્પર્ધાઓ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## જિલ્લામાં આંગણવાડીમાં ખાલી પડેલી જગ્યાઓ માટે અરજીનો છેલ્લો દિવસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૩ :** ગુજરાતમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની ઓનલાઈન ભરતી જાહેર કરવામાં આવી છે. જિલ્લા પંચાયત વલસાડની આઈ.સી.ડી.એસ. કચેરી દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટર મુજબ તા. ૨૧/૦૯/૨૦૨૬ થી ૧૪/૧૦/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આ ભરતીમાં વલસાડ જિલ્લામાં ૯૫ આંગણવાડી કાર્યકર અને ૧૨૨ તેડાગર બહેન તેમજ વાપી મહાનગરપાલિકામાં ૧૬ આંગણવાડી કાર્યકર અને ૧૧ તેડાગર બહેન એમ કુલ ૨૪૪ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. શું આપ આંગણવાડી કાર્યકર કે તેડાગર બહેન તરીકે ફરજ બજાવવા માંગો છો? તો વધુ વિગતો માટે વલસાડ જિલ્લાના સંબંધિત તાલુકાના તથા વાપી મહાનગરપાલિકા ઘટકના બાળ વિકાસ યોજના અધિકારી (CDPO) આઈ.સી.ડી.એસ. કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.ઓનલાઈન અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.inહેલ્પલાઈન નંબર ૦૨૬૩૨-૨૪૨૭૭૩ દરેક ગ્રામ પંચાયતમાં કાર્યરત ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (V.C.E.) અરજદાર મહિલાને ઓનલાઈન અરજી અને દસ્તાવેજો અપલોડ કરી આપશે. ઓનલાઈન ભરતી ફોર્મ દરમિયાન અરજદારનું નામ માત્ર અંગ્રેજીમાં અને ગુજરાતીમાં લખવાનું રહેશે, તેમજ તમામ વિગતો અંગ્રેજીમાં ભરવાની રહેશે.

## હોન્ડ ગામે નાળામાં પડી જતાં મજૂરનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૩ :** ચીખલી તાલુકાના હોન્ડ ગામે એક મજૂર પાણીના નાળામાં પડી જતા મોત નીપજ્યું હોવાની ઘટના ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર બીલીમોરા તલોધ કોળીવાડ રામજી મંદિર પાસે રહેતા રોહિત પ્રકાશ નાયકા ઉ.વ. ૨૩ જેઓ સોમવારે રાત્રિના સમયે વંકાલ થી હોન્ડ તરફ જતા રોડ ઉપર હોન્ડ ગામે આવેલ પાણીના નાળામાં પડી જતા આજરોજ સવારના સમયે રોહિત નાયકા ને કોઈ વ્યક્તિએ જોતા બનાવ અંગેની જાણ પરિવારને કરવામાં આવી હતી જે બનાવ અંગે રોહિત પ્રકાશ નાયકા ની માતાએ ચીખલી પોલીસમાં ફરિયાદ કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## ચીખલીના મિલ્કજ ગામે બાળક પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૩ :** ચીખલી તાલુકાના મિલ્કજ ગામે બે દિવસ અગાઉ એક માસુમ બાળક ઉપર હુમલો કરનાર દીપડાને ચીખલી વન વિભાગની ટીમે પાંજરું મૂકી પકડવાની તજવીજ હાથ ધરતા સોમવારે મોડી રાત્રે દિપડો પાંજરે પુરાતા આ વિસ્તારના રહીશોમાં રાહત થવા પામી છે.

ચીખલી તાલુકાના મિલ્કજ નાયકી વાડ ખાતે રહેતા નૈતિક અંકિત નાયકા ઉ.વ.૧૩ ઉપર શનિવારના રોજ દીપડાએ ઘર પાસે હુમલો કરતા નૈતિક નાયકાને શરીરે ઈજા પહોંચી હતી જે બનાવની જાણ ચીખલી વન વિભાગને કરાતા ચીખલી વન વિભાગના કર્મચારીઓ દ્વારા મિલ્કજ નાયકી વાડ ખાતે નૈતિક નાયકા ના ઘરની પાછળના ભાગે એક પાંજરું મૂકી દીપડાને પકડવાની તજવીજ હાથ ધરી હતી ત્યારે સોમવારના રોજ રાત્રિના સમયે એક કદાવર દિપડો



આશરે ચાર વર્ષનો પાંજરે પુરાતા જેની જાણ ચીખલી વન વિભાગને થતા ચીખલી વન વિભાગે દીપડાનો કબજો મેળવી જેની વેટરનરી ડોક્ટર પાસે તપાસ કરાવી ફરીથી જંગલ વિસ્તારમાં દીપડાને છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે જોકે બાળક ઉપર કરેલા હુમલાને કારણે આ વિસ્તારના રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો જે દીપડો પકડાતા મિલ્કજ ગામ સહિત આજુબાજુના ગામના રહીશોએ રાહત અનુભવી છે.

## પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રધાંજલિ



સમય પહેલાં સૂર્ય અસ્ત થયો, જાણે ક્ષણવારમાં અંધકાર છવાઈ ગયો. અણધારી વિદાય લઈને તમે પ્રભુમાં સમાઈ ગયા. તમારી યાદ સદાય ફૂલોની જેમ મહેંકતી રહેશે. પ્રભુ તમારા દિવ્યાત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ. મહેન્દ્રકુમાર રાયચંદ શાહ
દાદરા (નગર હવેલી)
સ્વર્ગવાસ ૧૪/૧૦/૨૦૨૫

લી.
કમલેશ ભાઈ દેસાઈ પરિવાર અને
સતીશભાઈ શાહ પરિવાર
દાદરા

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**